# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 5 * ફેબ્રુઆરી 2023 * કિં. ₹ 15



વરિષ્ઠ સાહિત્યકાર શ્રી ચંદ્રકાન્ત શેઠને
‘પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ’
અર્પણ કરતાં શ્રી ધીરુબહેન પટેલ




શ્રી રસીલા કડીઆના સંશોધનગ્રંથ 'દસ્તાવેજસંગ્રહ' ભાગ-૨નો વિમોચનસમારોહ



'મારી કલાયાત્રા'
વિશે નીલિમા શેખ



When Champa grew up

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

## માતૃભાષા ખોઈશું તો –
## સર્જકત્વ, પ્રત્યાયન અને સંસ્કૃતિનો હ્રાસ !

આશરે સાત કરોડની ગુજરાતની પ્રજા અને એની સામે ઊભેલું માતૃભાષાનું મહાસંકટ! ગુજરાતની જેટલી વસ્તી છે, એનાથી ઓછી વસ્તી ધરાવતા વિશ્વના ચાળીસ જેટલા દેશોએ પોતાની માતૃભાષા વિકસાવી છે. એ દેશો પોતાનું આંતરસત્ત્વ છોડીને અંગ્રેજી ભાષાના કે અન્ય કોઈ ભાષાના પ્રવાહમાં વહી ગયા નથી. ૨૦૨૧માં નૉર્વેની વસ્તી ૫૪ લાખ અને ૧૦ હજાર હતી. ઇઝરાયલની ૯૩ લાખ અને ૬૦ હજાર હતી અને સ્વીડનની વસ્તી ઈ. સ. ૨૦૨૧માં એક કરોડ ને ૪૦ લાખની હતી. આ બધા દેશોમાં માતૃભાષા ગૌરવભર્યા સ્થાને બિરાજે છે અને સર્વત્ર પ્રયોજાય છે. આના માટે કોઈ એક વર્ગ નહીં, પણ સમગ્ર પ્રજા જાગૃત છે.

દોઢ કરોડથી પણ ઓછી વસ્તી ધરાવતા સ્વીડનમાં એની માતૃભાષામાં ચર્ચા-વિચારણા કરતાં કેટલાં મંડળો છે, તે તમે જાણો છો ?એના કોઈ નાનકડા ગામમાં જાઓ, તોપણ તમને માતૃભાષામાં ચર્ચા કરતાં ત્રણચાર મંડળો મળી રહે. સમગ્ર સ્વીડનમાં કુલ ૨૭ હજાર ચર્ચામંડળો છે. આ મંડળોમાં વિવિધ વિષયો પર ચર્ચા ચાલતી હોય છે. આને પરિણામે માતૃભાષાને વધારે પ્રભાવક રીતે રજૂ કરવાનો સતત પ્રયાસ ચાલતો રહે છે. માત્ર વિદ્વાનોનાં ચર્ચામંડળોની આ વાત નથી. જુદા જુદા અનેક પ્રકારનાં ચર્ચામંડળો પોતાના વિષય પર ચર્ચાનું આયોજન કરતાં હોય છે. સામસામી દલીલો કરતાં હોય, પોતાના તર્ક રજૂ કરતાં હોય, વિરોધીની દલીલ પર 'હુમલો' કરતાં હોય અને પછી એમાં ક્યાંક કવિતાની પંક્તિઓ આવતી હોય તો ક્યાંક એમની નુક્તેચીનીમાં કોઈ સુવાક્ય ગૂંથી લેવામાં આવતું હોય. કવિ નર્મદના જમાનામાં 'મંડળી મળવાથી થતા લાભ'ની વાત થતી હતી. જુદી જુદી ચર્ચાસભાઓ યોજાતી હતી. આજે ગુજરાતી ભાષામાં કેટલાં ચર્ચામંડળો ચાલે છે ? એથીય વધારે તો એક સમયે અમદાવાદમાં મહાદેવ દેસાઈ ટ્રૉફીનો ભારે મહિમા હતો. કૉલેજો પોતાના વિદ્યાર્થીઓને આને માટે ખૂબ પ્રોત્સાહિત કરતી હતી. આજે આખી પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે.

માતૃભાષાથી જેમ જેમ દૂર થતા જઈશું તેમ તેમ સર્જનાત્મકતા ઝાંખી પડતી જશે. આજના શિક્ષણવિદો વારંવાર  કહે છે કે શિક્ષણનો વ્યાપ વધ્યો છે; પરંતુ સર્જકત્વ ઘટ્યું છે.વર્તમાન શિક્ષણપદ્ધતિમાં આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિએ અને જુદી જુદી પદ્ધતિઓ દ્વારા વિચારતા થયા છીએ; પરંતુ અગાઉ જે સર્જનશીલતા પ્રગટતી હતી, એ હવે ધીરે ધીરે ઝાંખી થતી જાય છે, તેનું કારણ શું ? આ અંગે થયેલાં સંશોધનોમાંથી એ તારણ પ્રગટ થયું કે જે લોકો પોતાની માતૃભાષા છોડીને અન્ય ભાષા અપનાવે છે

અને તેમાં વિશેષ કામગીરી કરે છે તેઓ વધારે અનુકરણાત્મક (ઇમિટેટિવ) બની જાય છે અને ઓછા સંશોધનાત્મક (ઇનૉવેટિવ) રહે છે.

આને કારણે જ આજે ભાર વિનાનાં ભણતરની વાત થાય છે; પરંતુ શિક્ષણનો ભાર અને દફતરનું વજન વધતું જ જાય છે. શાળાશિક્ષણને બદલે ટ્યૂશનની પ્રથા કૂદકે ને ભૂસકે વધી રહી છે. જ્ઞાન એ સાહજિક પ્રક્રિયા રહ્યું નથી. આજે દસ વર્ષના બાળકને પચીસ શિક્ષકો ભણાવતા હોય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. વહેલી સવારના પાંચ વાગ્યાથી ટ્યૂશન ક્લાસ શરૂ થાય છે અને મોડી રાત સુધી તે ચાલતા હોય છે. જેમ એક સમયે સારું શિક્ષણ આપતી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે ભારે ધસારો થતો હતો, એ જ રીતે આજે સારાં પરિણામ લાવતા વિદ્યાર્થીઓ જે ટ્યૂશન ક્લાસમાં ભણે છે, ત્યાં વધુ ધસારો રહે છે. આ ઘા પર મીઠું ભભરાવવાનું કામ સમૂહમાધ્યમોએ કર્યું. બે-અઢી વર્ષના બાળકને ડે-કૅર સેન્ટરમાં દાખલ કરવામાં આવે છે. હવે તો એથીયે આગળ વધીને વૅકેશન કૅર સેન્ટર શરૂ થયાં છે, જેમાં રવિવારની રજાના દિવસે પણ બાળકોને રાખવામાં આવે છે. આ રીતે શિક્ષણ અને સમૂહમાધ્યમોએ માતા-પિતા પાસે ઓછામાં ઓછો સમય બાળક રહે એવી સ્થિતિ સર્જી છે.

મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' માતૃભાષામાં લખી. ગાંધીજીનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ ઘણું સારું હતું. એમણે લખેલા 'હિંદ સ્વરાજ'નું અંગ્રેજી એના ગુજરાતી કરતાં વધુ પ્રભાવક લાગે છે. 'ઇન્ડિયન ઓપિનિયન'માં પ્રગટ થયેલા લેખોમાં પણ અંગ્રેજી ભાષા પરનું મહાત્મા ગાંધીજીનું પ્રભુત્વ જોવા મળે છે. આવું હોવા છતાં એમણે માતૃભાષામાં આત્મકથા લખવાનું એ માટે નક્કી કર્યું કે એમાં પોતાના હૃદયના ભાવ પ્રગટ કરવાનું સહજસિદ્ધ લાગ્યું. આ રીતે જો માતૃભાષા ભુલાતી જશે તો વ્યક્તિનું આંતરસત્ત્વ અને એની ચેતનાનું પ્રાગટ્ય ઝાંખું પડશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| સર્જકત્વ, પ્રત્યાયન અને સંસ્કૃતિનો હ્રાસ ! | ૩ | કુમારપાળ દેસાઈ |
| ઋણાનુબંધની અભિવ્યક્તિ | ૭ | ચંદ્રકાન્ત શેઠ |
| નણંદને સપનું આવ્યું...... | ૧૧ | રતિલાલ બોરીસાગર |
| શું કળિયુગ આવી રહ્યો છે ? | ૧૪ | પ્રવીણ ક. લહેરી |
| એક અનોખી નૃત્યકાર બેલડી : જોએલ અને ઈવ | ૧૭ | બેલા ઠાકર |
| ઈ-બૉમ્બ તે વળી હોય ? | ૧૯ | ચિંતન ભટ્ટ |
| ઈ-વેસ્ટની સમસ્યાનો સામનો | ૨૨ | પ્રીતિ શાહ |
| ચૅટજીપીટી | ૨૪ | હર્ષ મેસવાણિયા |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૭ | ભદ્રાયુ વછરાજાની |
| માધુર્યની મહામૂલી મૂડી | ૩૦ | – |
| વિશ્વકોશવૃત્ત | ૩૨ | – |

આલ્બર્ટ આઈન્સ્ટાઇને એના સાપેક્ષતાના સિદ્ધાંતની વાત જર્મન ભાષામાં લખી. એ જ રીતે એરિસ્ટોટલે અને કાર્લ માર્ક્સે પણ પોતાના વિચારો પોતાની માતૃભાષામાં પ્રગટ કર્યા. વિશ્વમાં પ્રબળ પરિવર્તન આણનારા વિચારો મુખ્યત્વે માતૃભાષામાં પ્રગટ થયા છે, આથી માતૃભાષા એ વ્યક્તિની સર્જનાત્મકતાનું સબળ અને પ્રભાવક વાહન છે.

માતૃભાષા એ પ્રત્યાયન(કૉમ્યુનિકેશન)નું મહત્ત્વનું સાધન છે. આજે માતૃભાષાના અભાવને કારણે કેવી દુઃખદ પરિસ્થિતિ ઊભી થઈ છે ! અમેરિકાથી આવેલા પૌત્ર સાથે એના દાદાની વાતચીતમાં મોટું અંતર જોવા મળે છે. ઘણા યુવાનો પોતાનાં માતા-પિતાને અમેરિકામાં પોતાનાં સંતાનોને સાચવવા બોલાવે છે, ત્યારે જો માતૃભાષામાં વ્યવહાર થતો ન હોય તો એમની વચ્ચે મોટી ખાઈ સર્જાય છે અને ધીરે ધીરે તો એવી દયામણી સ્થિતિ જોવા મળે છે કે ન પૂછો વાત. અમેરિકાના એક કાર્યક્રમમાં એક યુવતીએ મધુર કંઠે ગુજરાતી ગીત ગાયું, પરંતુ એને ગુજરાતી ભાષામાં વાંચતાં આવડતું ન હતું. એણે એની સ્ક્રિપ્ટ રોમન લિપિમાં લખી હતી.

માતૃભાષા જાય તો સર્જકતા ખોવાય, બે વ્યક્તિ વચ્ચેના સંવાદમાં વિસંવાદ બને અને એનાથીયે મોટું ભયસ્થાન તો મૂલ્યો અને સંસ્કૃતિનું છે. દરેક પ્રજા પોતાનાં મૂલ્યો પર જીવતી હોય છે અને એ રીતે એમની પરંપરા સાથે જોડાણ સાધતી હોય છે. આથી સૌથી વિકટ પ્રશ્ન એ મૂલ્યો અને સંસ્કૃતિનો વારસો પછીની પેઢીને આપવાનો આવે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના કર્મયોગની વાત થાય ત્યારે ‘કર્મ’ શબ્દનો અંગ્રેજી અનુવાદ અતિ મુશ્કેલ છે. એમાં પણ ‘કર્મ’ શબ્દની અંગ્રેજીમાં અર્થચ્છાયાઓ પકડવી, એ તો એનાથીયે વધુ કપરાં ચઢાણ જેવી. વળી હિંદુ કર્મવાદ અને જૈન કર્મવાદની ભિન્નતા બતાવવી હોય તો તે વળી મોટો સવાલ ઊભો કરે.

થોડાં વર્ષો પૂર્વે આચાર્ય ઉમાસ્વાતિજીએ ચોથી સદીમાં લખેલા ‘તત્ત્વાર્થસૂત્ર’ ગ્રંથના અંગ્રેજી અનુવાદનું કાર્ય ચાલતું હતું, ત્યારે જૈન પરિભાષાના ‘સમ્યક્ દર્શન’ શબ્દ માટે કલાકોના કલાકો સુધી ગડમથલ કરી હતી. બ્રિટનમાં શબ્દો ઘડી આપનારા ‘વર્ડ સ્મિથ’ હોય છે. એવા વર્ડ સ્મિથ સાથે બેસીને જૈન દર્શનના સૌ અભ્યાસીઓએ લાંબી ચર્ચા કરી અને અંતે (enlightened viewpoint) શબ્દ પસંદ કર્યો, પણ સાથે લખ્યું કે આ શબ્દ મૂળ શબ્દના ભાવને પૂરેપૂરો પ્રગટ કરતો નથી.

વળી બીજી ભાષામાં વિચાર કરવાની આપણે કોશિશ કરીએ છીએ, પણ એને પૂરેપૂરી અપનાવી શકતા નથી. એનું કારણ એ છે કે સર્જનાત્મકતા એ આંતરિક બાબત છે, સંવાદ એ બે વ્યક્તિ વચ્ચે સધાય છે અને કલ્ચરનો સંબંધ સમૂહ સાથે છે. આ રીતે બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વની માવજતને માટે માતૃભાષાનો અભ્યાસ જરૂરી છે. બાળક સૌથી વધુ શિક્ષણ ઘરમાંથી લેતું હોય છે અને તેથી માતૃભાષા એને જીભવગી અને હૃદયલગી હોય છે. કુદરતે આપણને ગુજરાતી ભાષા આપી; પરંતુ એની આપણે કરેલી માવજત નબળી છે. સર્જકો, શિક્ષકો, ગ્રંથપાલો અને સમાજના હિતચિંતકો ગુજરાતી માતૃભાષા માટે કટિબદ્ધ બનીને આંદોલન કરે છે, પણ વિજ્ઞાનીઓ, અર્થશાસ્ત્રીઓ, મૅનેજમેન્ટના નિષ્ણાતો, ખેડૂતો, ઉદ્યોગપતિઓ અને શ્રમજીવીઓ એમાં ક્યાં છે ? શિક્ષણમાં સરકાર માતૃભાષાના પ્રોત્સાહન માટે પ્રયાસ કરે છે. છેક


મેડિકલ વિદ્યાશાખામાં પણ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. પણ એ માટે વિદ્યાજગતની સક્રિયતા કેટલી ?

માણસ બહુભાષી છે અને તેથી એકવીસમી સદીના સમગ્ર પરિવેશ પર વિચાર કરીએ તો આજે વ્યક્તિને માટે ત્રણ પ્રકારની ક્ષમતા જરૂરી છે. એક સ્થાનિક (લોકલ સિચ્યુએશન), બીજી રાષ્ટ્રીય (નૅશનલ), ત્રીજી વૈશ્વિક (ગ્લોબલ). આ ત્રણેય પરિસ્થિતિમાં જુદી જુદી ભાષા કામ લાગે છે. માતૃભાષા, રાષ્ટ્રભાષા અને વિદેશી ભાષાને આ દૃષ્ટિએ જોઈ શકાય અને એ રીતે અંગ્રેજી ભાષાને પણ સારી રીતે શીખી શકાય. આપણી મુશ્કેલી તો એ થઈ કે આપણે ગુજરાતી ખોયું અને અંગ્રેજી આવડ્યું નહીં !

**– કુમારપાળ દેસાઈ**

---

## સ્મૃતિવંદના



**શ્રી બાલકૃષ્ણ દોશી**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વિખ્યાત સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશીના અવસાન અંગે ઊંડા શોક અને દુઃખની લાગણી અનુભવે છે. વિશ્વકોશ એ એમની પ્રિય અને માનીતી સંસ્થા બની રહી હતી. તેઓએ એમના કાકા-સસરા અને વિખ્યાત વિવેચક, સંશોધક તથા 'મેના ગુજરી' નાટકના સર્જક શ્રી રસિકલાલ પરીખની સ્મૃતિમાં ઘણો મોટો આર્થિક સહયોગ આપ્યો હતો. એમને ૨૦૧૭ના વર્ષનો વિશ્વકોશના શિલ્પી ડૉ. ધીરુભાઈ ઠાકરની સ્મૃતિમાં અપાતો 'સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' પણ એનાયત થયો હતો તેમજ વિશ્વકોશના કેટલાય કાર્યક્રમોમાં એમણે પ્રમુખ તરીકે મૌલિક વિચારો ધરાવતાં વક્તવ્યો આપ્યાં છે. કોરોનાકાળ પછી પણ તેઓ વિશ્વકોશની કલાવીથિકામાં યોજેલા કલાપ્રદર્શનના ઉદ્ઘાટન માટે આવ્યા હતા. હિનાબહેન શુક્લે લીધેલી એમની વિસ્તૃત મુલાકાત 'વિશ્વવિહાર'માં પ્રકાશિત થઈ હતી. એમની વિદાયથી વિશ્વકોશ ટ્રસ્ટે એક આત્મીય સ્વજન અને માર્ગદર્શક ગુમાવ્યા છે.

# ઋણાનુબંધની અભિવ્યક્તિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રણેતા અને શિલ્પી ડૉ. ધીરુભાઈ ઠાકરની સ્મૃતિમાં પ્રતિવર્ષ 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' એનાયત કરવામાં આવે છે. ૨૦૨૨નો આ ઍવૉર્ડ ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક શ્રી ચંદ્રકાન્ત શેઠને એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે સ્વાગતપ્રવચનમાં શ્રી નીતિનભાઈ શુક્લે જણાવ્યું હતું કે શ્રી ધીરુભાઈ ઠાકરે એમના અંતિમ સમયે ચંદ્રકાન્ત શેઠ અને કુમારપાળ દેસાઈનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું હતું કે, 'હવે તમે બંને બાંધવો આ કાર્ય સુપેરે સંભાળજો' અને હકીકતમાં પોતાના ગુરુને આપેલું વચન આ બંને વિદ્યાર્થીઓએ સાંગોપાંગ સાચું ઠેરવ્યું છે.

એ પછી વક્તવ્ય આપતાં શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું, 'એક કવિની હાજરી હોય એટલે સંસ્થામાં આપોઆપ સંવેદનાનો પ્રકાશ ફેલાય. કવિતાનાં પગલાં પરથી વામન પગલાંનો અંદાજ કાઢનારા આ કવિની કવિતાના શબ્દમાં રહેલી તલહીન ગહેરાઈ અને અંતહીન વ્યાપ્તિનો અનુભવ થાય છે. કવિ, નિબંધકાર, વાર્તાકાર, વિવેચક, સંપાદક, અનુવાદક, હાસ્યલેખક અને ચરિત્રલેખક ચંદ્રકાન્તભાઈ શેઠના સાહિત્યિક પ્રદાનની વાત કર્યા બાદ વિશ્વકોશમાં એમણે કરેલી કામગીરીની વાત કરતાં કહ્યું કે, 'ગુજરાતી વિશ્વકોશ' અને 'બાળવિશ્વકોશ'નો એકેએક શબ્દ એમની આંખ તળેથી પસાર થયો છે. જ્યારે શ્રી યોગેશ જોષીએ ચંદ્રકાન્ત શેઠ વિશે વાત કરતાં કહ્યું કે, 'આ કવિ ઊંડું અને અઢળક જોતા રહે છે, બહાર પણ અને ભીતર પણ. એમનો કવિ-કૅમેરા ઝૂમ-આઉટ અને ઝૂમ-ઇન થતો રહે છે અને કશીક શોધ સતત ચાલતી રહે છે.' એમણે કવિશ્રી ચંદ્રકાન્ત શેઠની કાવ્યસર્જનની પ્રક્રિયાની અને નિબંધકાર ચંદ્રકાન્ત શેઠની વિશેષતાઓની છણાવટ કરી હતી. જ્યારે શ્રી રઘુવીર ચૌધરીએ પોતાના મિત્ર ચંદ્રકાન્ત શેઠની સાહિત્યેતર કલાઓની રુચિ વિશે વાત કરી હતી અને ધીરુબહેન પટેલે શુભેચ્છા પાઠવવાની સાથોસાથ ઍવૉર્ડ અર્પણ કર્યો હતો. હર્ષિત ત્રિવેદી અને સાથી કલાકારોએ ચંદ્રકાન્ત શેઠનાં પાંચ ગીતોની પ્રસ્તુતિ કરી હતી.

સમારંભના પ્રારંભે અલ્પા શાહે વિશ્વકોશ ગીત અને ચંદ્રકાન્ત શેઠની એક રચના પ્રસ્તુત કરી હતી અને કાર્યક્રમનું સંચાલન જસુભાઈ કવિએ કર્યું હતું. તેમજ શ્રી ચંદ્રકાન્ત શેઠ વિશેનું બ્રોશર શ્રદ્ધાબહેન ત્રિવેદીએ તૈયાર કર્યું હતું. કાર્યક્રમના અંતે કવિશ્રી ચંદ્રકાન્ત શેઠે એમને આપવામાં આવેલો એક લાખ રૂ.નો ઍવૉર્ડ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને દાન રૂપે આપ્યો હતો અને એમાંથી વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળે 'ચંદ્રકાન્ત શેઠ ફેલોશિપ' આપવાની જાહેરાત કરી હતી.



**ઍવૉર્ડ-અર્પણ સમારોહમાં (ડાબી બાજુથી) સર્વશ્રી યોગેશ જોષી, કુમારપાળ દેસાઈ, ધીરુબહેન પટેલ, ચંદ્રકાન્ત શેઠ, રઘુવીરભાઈ ચૌધરી, પ્રવીણ લહેરી અને નીતિન શુક્લ**

આ પ્રસંગે શ્રી ચંદ્રકાન્ત શેઠે આપેલો પ્રતિભાવ અહીં અમે સાદર રજૂ કરીએ છીએ :

શ્રદ્ધેય મુરબ્બી ધીરુબહેન પટેલ, સન્મિત્ર ડૉ. રઘુવીર ચૌધરી અને ડૉ. કુમારપાળ દેસાઈ, કવિમિત્ર યોગેશ જોષી, સન્માનનીય નિર્ણાયકગણ અને આપ સહુ સુજ્ઞ સાહિત્યરસિકો !

સહુમાં રહેલા પરમતત્ત્વને મારાં વંદન.

આજનો પ્રસંગ મારા માટે અનેક રીતે ધન્યતાનો છે. એક તો મારા પૂજ્ય ગુરુવર્ય ડૉ. શ્રી ધીરુભાઈ ઠાકર સાથે આજના ઍવૉર્ડથી વિશેષભાવે જોડાવાનું બને છે. મારે માટે આ ઍવૉર્ડ ગુરુપ્રસાદીરૂપ છે. વળી આ ઍવૉર્ડ મને આપણાં સમર્થ સર્જક ધીરુબહેન પટેલના હાથે મળે છે તે મારા માટે પ્રસન્નતાનો વિષય છે.

હું મારા પોતાના વિશે પાછું વળીને જોઉં છું ત્યારે મને ગુરુજનોની કૃપાનાં, પરિવારજનો અને મિત્રમંડળના સહયોગનાં અનેક દૃષ્ટાંતો યાદ આવે છે. કદાચ હું જે કાંઈ છું તેમાં ઈશ્વરકૃપા અને ગુરુકૃપાનું મને જે ભાથું મળ્યું છે તેના માટે આનંદ વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. મને હૂંફ આપનાર શ્રી અનંતરાય રાવળ અને મારા વિકાસમાં વાત્સલ્યપૂર્વક મદદરૂપ થનાર કવિવર્ય ઉમાશંકર જોશીનો સ્નેહ મને પરમતત્ત્વની કૃપાથી મળ્યો છે. હું શ્રી આઇ. કે. દવેને પણ સ્મરું છું. મને દરેક સંસ્થામાંથી ને ક્ષેત્રમાંથી પ્રેમાળ અને વિદ્વાન સન્મિત્રો મળતા રહ્યા છે. શ્રી નીતિનભાઈ શુક્લ અને હિનાબહેન શુક્લના નિર્વ્યાજ પ્રેમને અત્રે યાદ કરું છું ત્યારે મન ભાવવિભોર થઈ જાય છે. આ સહુના સ્નેહસિંચનથી જ મારી આ માટી મહેકી રહી છે અને કંઈક કરી શકી છે.

અત્યાર સુધીના આયુષ્યકાળમાં લગભગ ત્રીસેક વર્ષનો સમય મારા અધ્યયન-અધ્યાપનમાં ગયો. એ પછીનો લગભગ ચોવીસેક વર્ષનો ગાળો વિશેષભાવે કોશના કાર્યમાં ગયો. હું એમ માનું છું કે મારા નિવૃત્તિકાળને ઉત્તમ કરવામાં ગુજરાત

વિશ્વકોશના કાર્યનો અમૂલ્ય ફાળો છે. અભૂતપૂર્વ કહી શકાય તેવી કામગીરી પૂજ્ય ધીરુભાઈસાહેબની હતી. વહીવટી કુશળતા અને વિશ્વકોશાદિ સાહિત્યની કુશળતા – બેનો અનોખો સમન્વય એમનામાં હતો. તેથી ૧૯૯૮ પછી પણ વિશ્વકોશનું કાર્ય કરતાં કરતાં મને ઘણું શીખવા મળ્યું. વળી કુમારપાળ દેસાઈનો સથવારો પણ મને ખૂબ ઉપયોગી થયો. વિશ્વકોશ સંસ્થામાં કામ કરતાં જે મોકળાશ અને જે વિદ્યાકીય માહોલ મને મળ્યો તેની પ્રશંસા કર્યા વગર મારાથી રહી શકાય તેમ નથી. આમ તો મેં અનેક સંસ્થાઓમાં કામ કર્યું છે પણ તેમાં મને આ સંસ્થાની તાસીર બહુ રમણીય લાગી છે. આંખોની તકલીફને લઈને મારે નાછૂટકે ધીરુભાઈના ઉત્તમ કાર્યને છોડવું પડ્યું તેનું દુઃખ છે ને છતાંય મનથી તો હું વિશ્વકોશની સાથે આજ સુધી જોડાયેલો રહ્યો છું અને તેનો શુભેચ્છક છું. વિશ્વકોશનું નિર્માણ કેવી રીતે થાય અને એમાં કેવાં કેવાં સાધનોનો ઉપયોગ કરવો પડે તેના મહત્ત્વના પાઠ મને અહીં શીખવા મળ્યા છે. એ માટે હું આ સંસ્થાનો ઋણી છું ને આજનો અવસર એ ઋણાનુબંધ વ્યક્ત કરવાનો છે.

મારે કહેવું જોઈએ કે ૧૯૯૮માં વિશ્વકોશમાં જોડાયા પછી વિશ્વકોશના બાકીના ગ્રંથો પૂરા થયા ત્યાં સુધી ધીરુભાઈ સાથે મારે ઠીક ઠીક કામ કરવાનું થયું. એમાં ઘણા અનુભવોની આપ-લે થઈ. ત્યારબાદ ધીરુભાઈએ મને 'બાળવિશ્વકોશ'ની જવાબદારી સોંપી અને ચાર ગ્રંથ તો તેમની હયાતીમાં જ પ્રકટ થઈ શક્યા તેનો મને આનંદ છે. બાળવિશ્વકોશના કાર્યમાં જે મોકળાશ અને ટેકો કુમારપાળ દેસાઈએ આપ્યો તે મને આજેય પ્રસન્ન કરે છે. આ ઉપરાંત આ કોશકાર્યમાં મારા સાથીમિત્રો સદ્‌ગત રજનીભાઈ વ્યાસ અને અંજનાબહેન, શુભ્રાબહેન, અમલાબહેન, શ્રદ્ધાબહેન તથા રાજશ્રીબહેનનો જે સાથસહકાર મળ્યો તેથી આ બાળવિશ્વકોશ સારી રીતે તૈયાર થઈ શક્યો અને ગુજરાત સરકારે એ કોશના પ્રકાશનને સમર્થન આપ્યું એ અમારા માટે અને વિશ્વકોશ સંસ્થા માટે ગૌરવ અને પ્રસન્નતાનો વિષય બની રહેલ છે. મારે એ પણ કહેવું જોઈએ કે આ વિશ્વકોશમાં સહુ કર્મચારીઓનો જે સાથ-સહકાર મળ્યો છે તે પણ અનન્ય છે.

વિશ્વકોશના સંદર્ભમાં અનેક તજ્જ્ઞ વિદ્વાનો, પ્રીતિબહેન શાહ, નલિનીબહેન દેસાઈ, કમ્પ્યૂટર વિભાગ, પ્રૂફવાચન વિભાગ, ઑફિસ કાર્યાલય – આ સહુના સહકારથી આ ગંજાવર કાર્ય સરળતાથી થઈ શક્યું છે. આ સાથે હ. કા. આર્ટ્સ કૉલેજનું ગ્રંથાલય તથા અમદાવાદનાં અન્ય મુખ્ય ગ્રંથાલયો અને તેના ગ્રંથપાલોનો સહકાર મળ્યો તે માટે તેમનો આભાર માનું છું. વળી વિશ્વકોશની પરંપરાને ધીરુભાઈ પછી કુમારપાળ દેસાઈ જે રીતે સાચવીને આગળ વધારે છે તે જોઈ મને આનંદ થાય છે.

વિશ્વકોશની સાથે સાથે અન્ય વિષયના કોશની કામગીરી વધતી જાય છે તે ગૌરવની બાબત છે. આ કામગીરીના વિકાસમાં વૃદ્ધિ કરે તેવા અનેક કીમિયાઓ છે. તેમાંનો એક કીમિયો તે આ ઍવૉર્ડ છે. મારા માટે આ ઍવૉર્ડ ધીરુભાઈના આશીર્વાદ જેવો જ મધુર છે. આ ઍવૉર્ડ આપનાર નિર્ણાયકોને હું વંદના કરું છું. વળી મારા વિશે ધીરુબહેન પટેલ, રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ અને યોગેશભાઈએ જે કાંઈ કહ્યું

તેનો પણ મને આનંદ છે. તદ્ઉપરાંત મારા સહકાર્યકર શ્રદ્ધા ત્રિવેદીએ જે પરિચયપત્રિકા લેખનનો પરિશ્રમ ઉઠાવ્યો તે માટે તેમને પણ ધન્યવાદ આપું છું. મારાં ગીતોને સ્વર આપનાર અને તેનું સ્વરાંકન કરનાર હર્ષિત ત્રિવેદીનો તથા અલ્પાબહેન શાહનો આભાર માનું છું. વિશ્વકોશના નાના-મોટા સહુ કાર્યકરો એક પરિવારની જેમ સંસ્થાના વિકાસમાં સતત પોતાનું ઉત્તમ અર્પે છે, તે આ સંસ્થાના ટ્રસ્ટીઓના સદ્ભાવનું પરિણામ છે.

આ ક્ષણે મને 'કુમાર'ના દ્વારે પહોંચાડનાર મિત્ર લાભશંકર ઠાકરનો; મારાં સંસ્મરણોને શબ્દદેહ આપવા પ્રોત્સાહિત કરનાર મનહર મોદીનો; સાહિત્યમાં મને સતત સાથસહકાર આપનાર, પરિવારના બંધુ જેવા રઘુવીર ચૌધરીનો; અધ્યાપન અને સંશોધનના ક્ષેત્રે સદાય માર્ગદર્શન આપી વડીલ તરીકે આ માટીને ટપારીને સુંદર ઘાટ આપનાર શ્રી મોહનભાઈ શં. પટેલનો; જુદી જુદી સાહિત્યિક પ્રવૃત્તિમાં સાથ આપનાર અનેક વિદ્વાનો તથા સર્જકમિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ ઉપરાંત આપ સહુએ અહીં ઉપસ્થિત રહી આ અવસરને વધાવ્યો ને મારા હવેના જીવન માટે પ્રેમનો પ્રાણવાયુ પૂર્યો તે માટે આપ સહુને વંદન અને ધન્યવાદ ! શુભમ્ ભવતુ !

**– ચંદ્રકાન્ત શેઠ**

[તા. ૨૪-૧-૨૦૨૩ ઍવૉર્ડ સ્વીકાર બાદનો પ્રતિભાવ]

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# નણંદને સપનું આવ્યું........

'અરે ! સાંભળો છો ?' એક સુરમ્ય પ્રભાતે પત્નીએ પૂછ્યું. પત્ની જ્યારે જ્યારે 'સાંભળો છો?' કહીને વાર્તાલાપનો પ્રારંભ કરે છે ત્યારે નક્કી કશુંક આપત્તિજનક સાંભળવાનું આવે છે — સાડીના સેલના દિવસોમાં તો ખાસ. આ મારો કાયમી અનુભવ છે. કદાચ પતિમાત્રનો આવો અનુભવ હશે.

'બોલ ! એવું કહેવાય છે કે ભગવાને સ્ત્રીને જીભ બોલવા માટે આપી છે અને પુરુષને કાન સાંભળવા માટે આપ્યા છે.'

'એવી રીતે વાત ઉડાવવાની નથી. સાંભળો, મારે મારી ભાભી માટે એક સાડી લેવાની છે.'

'અરે ! આ હું શું સાંભળું છું? ભાભી માટે નણંદના હૃદયમાં આવો ભાવ ઊભરાતો જોઈ, 'નણંદ' શબ્દનો અર્થ બદલવો પડશે.'

'આમાં 'નણંદ' શબ્દના અર્થની વાત ક્યાં આવી ?'

'નણંદ' એટલે 'નનંદ' - જે આનંદ નથી પામતી. ભાભી ગમે એટલું કરે તોય નણંદબા રીઝે જ નહીં. નણંદ ભાભી પર એને સાડી આપવા જેટલી રીઝી જાય એ તો છાપાની ભાષામાં કહીએ તો 'સમાચાર' કહેવાય.'

'આમ કહીને તમે મારી મૂળ વાત ભુલવાડી દેશો. જુઓ, સૌરાષ્ટ્રમાં એક નણંદને સપનું આવ્યું કે તું તારી ભાભીને એક સાડી લઈ દે. બીજી નણંદોને પણ વાત કર. બધી નણંદો પોતપોતાની ભાભીઓને સાડી નહીં લઈ દે તો ભાઈઓ પર ભાર રહેશે. ભાઈનું કંઈક બૂરું થશે.'

'ભાઈ ભાભીને લઈ આવ્યો તે દિવસથી જ એનું બૂરું થઈ ગયું હોય છે - પછી વધુ બૂરું શું થવાનું હતું ?'

'એટલે હું આવી ત્યારથી તમારું બૂરું થઈ ગયું ?'

'આ તો એક જનરલ વાત છે.'

'તમે તો વાતને ક્યાંથી ક્યાં લઈ ગયા ! ચાલો, તમે મારી આવી નિંદા કરી એટલે એના દંડ રૂપે હું પણ મારા માટે એક સાડી લઈશ.'

'તારે સાડી લેવાની હોય ત્યારે જગતની કોઈ તાકાત તને એમ કરતાં રોકી શકે નહીં. પણ આમાં તારાં ભાભી માટે સાડી લેવાની વાત ક્યાં આવી ?'

'કેમ ? હું નણંદ નહીં ? હું મારા ભાઈનું ભલું ન ઇચ્છું ? સૌરાષ્ટ્રમાં તો મોટા ભાગની નણંદોએ એમની ભાભીઓને સાડી મોકલાવી પણ દીધી.'

'આપણે સાડીના કોઈ મોટા સ્ટોરમાં જવાનું છે ? તો હું એ પ્રમાણે બૅન્કમાંથી પૈસા લઈ આવું !'

'ના, મારે માટે સાડી લેવા મોટા સ્ટોરમાં જઈશું. એ તો સારું થયું કે ભાભી માટે

સાડી લેવાની વાત થઈ ત્યાં નણંદની આંખ ઊઘડી ગઈ. મોંઘી સાડી લેવી એવી વાત થઈ હોત તો શું થાત ?'

'નણંદના વરનું શું થાત એમ કહે, હા, પણ આપણે ક્યાંથી સાડી લેવાની છે ?'

'હમણાં બે દિવસ પહેલાં એક જાહેરાત હતી. જૂની સાડીના બદલામાં બે સાડીઓ મળે. એમાં એક સાડીના પૈસા દેવાના ને એક સાડી ફ્રી. આ ફ્રીવાળી સાડી ભાભીને મોકલી દઈશું. એક નણંદે તો સાડીના કરીને અગિયાર રૂપિયા મોકલ્યા અને કાગળમાં લખ્યું કે હું તો પાંચ જ રૂપિયા મોકલવાની હતી પણ મોંઘવારી કેટલી બધી છે ! પાંચ રૂપિયામાં શું આવે ? એટલે અગિયાર રૂપિયા મોકલું છું.'

'અગિયાર રૂપિયામાં સસ્તો રૂમાલ કદાચ આવે. પણ નણંદ ભાભીને મોંઘી સાડી લઈ દે એમાં એને ક્યાં ખોટ જવાની ? ભાઈએ સવાયું કરીને પાછું આપવું એવી બંધારણમાં જોગવાઈ છે.'

'પણ આમાં બંધારણની એ કલમ લાગુ પાડી શકાય એમ નથી. સપનામાં એવું સ્પષ્ટ કહેવાયું છે કે આ સાડીના બદલામાં ભાઈ પાસેથી કશું ન લેવું. પણ તમે તૈયાર થઈ જાવ. ફ્રી સાડીનો આજે છેલ્લો દિવસ છે.'

'તથાસ્તુ !' આવી કોઈ પણ દરખાસ્તને અંતે ઉચ્ચારવાનું વાક્ય હું બોલ્યો.

આપણી સંસ્કૃતિમાં — ખાસ કરીને સૌરાષ્ટ્ર-ગુજરાતની સંસ્કૃતિમાં એક કાળે સાસુ-જેઠાણી અને નણંદની ત્રિપુટીનો અપાર મહિમા હતો. આ ત્રિપુટી ન હોત તો આપણું સામાજિક જીવન ખરે જ સાવ શુષ્ક હોત. વહુને — ખાસ કરીને સાસરે નવી નવી આવેલી વહુને ત્રાસ દેવાની કળા આ ત્રિપુટીને જન્મજાત વરેલી હતી. બધા રાજકીય પક્ષોને એકબીજા સાથે ઊભા રહ્યેય બને નહીં, પણ શાસક પક્ષનો વિરોધ કરવાની વાત આવે એટલે બધા એક થઈ જાય એમ સાસુ-જેઠાણી-નણંદને પરસ્પર બહુ બનતું હોતું નથી, પણ નાની વહુને ત્રાસ દેવાની વાત આવે ત્યારે ત્રણેયમાં અદ્‌ભુત એકતા સ્થપાઈ જાય ! જૂની પરિભાષા વાપરીને કહીએ, તો આ સાસુ-જેઠાણી-નણંદોએ નાની વહુઓને જે ત્રાસ આપ્યો છે, એની સામે હિટલરનો ત્રાસ કશી વિસાતમાં ન ગણાય અને નવી પરિભાષા વાપરીને કહેવું હોય તો કહી શકાય કે સાસુ-જેઠાણી-નણંદના ત્રાસ આગળ ત્રાસવાદીઓનો ત્રાસ પણ કશી વિસાતમાં ન ગણાય. વહુ બિચારી ગમે એટલું કરે તોય આ ત્રિપુટીને રીઝવી ન શકે. નણંદ — ખાસ કરીને નાની નણંદ એટલે ભાભીની સી.આઈ.ડી.! ભાભીની રજેરજ વાત દાદીને, બાને, મોટી ભાભીને પહોંચાડે. આ બાબતમાં એની કાર્યક્ષમતા અદ્‌ભુત ! જોકે કોઈ કોઈ નણંદો પ્રેમાળ હશે પણ ખરી. 'ગુણસુંદરી' ફિલ્મમાં 'તમે થોડાં થોડાં થાવ વરણાગી હો ભાભી, તમે થોડાં થોડાં થાવ વરણાગી' કહી ભાભીને રસિક બનવા પ્રેરતી અને એ રીતે ભાભી ભાઈને પ્રિય થઈ પડે એ જોવા ઝંખતી નણંદનું પાત્ર આવે છે. પણ આવી નણંદો અપવાદરૂપ જ હશે. મોટા ભાગની નણંદો તો ભાભી ભાઈને અપ્રિય કેમ થઈ પડે એની તજવીજમાં જ રહેતી.

સંયુક્ત કુટુંબો તૂટતાં ગયાં તેમ તેમ સાસુ-જેઠાણી-નણંદની સંસ્થા નબળી પડતી ચાલી છે. આમ છતાં, ભાંગ્યું તોયે ભરૂચ એ ન્યાયે કોઈ કોઈ સાસુ, કોઈ કોઈ જેઠાણી, કોઈ

કોઈ નણંદ એમનો અસલી રોલ ભજવી બતાવે છે. વિજયાલક્ષ્મી પંડિતે કમલા નહેરુને નણંદપણાનો પૂરો અનુભવ કરાવેલો. ઇન્દિરાજીએ મેનકાજીને સાસુપણાનો અનુભવ કરાવેલો – ઇન્દિરાજીએ તો જોકે દેશ આખાને સાસુપણાનો અનુભવ કરાવેલો !

એક નણંદને આવેલું સપનું અનેક ભાભીઓને ફળ્યું. આ સાડીઓ અંગે નણંદ-ભાભીઓ વચ્ચે થયેલા પત્રવ્યવહારમાંથી બે પત્રો મને પુસ્તકાલયમાંથી વાંચવા લાવેલાં બે પુસ્તકોમાંથી મળી આવ્યા છે. વાચકોના લાભાર્થે આ બંને પત્રો યથાતથ અત્રે આપ્યા છે :

(૧)

પૂ. ભાભીશ્રી,

આ સાથે તમારા માટે એક સાડી મોકલી છે. તમે જાણતાં હશો કે નણંદે ભાભીને સાડી લઈ દેવી એવું સપનું કોઈ નણંદને આવ્યું છે. તમે પણ તમારાં ભાભી માટે સાડી મોકલી હશે. ન મોકલી હોય તો તુરત મોકલી આપશો. આ સાડીના બદલામાં ભાભી પાસેથી કશું લેવું નહિ એવી સપનામાં સૂચના મળેલી છે. તદ્નુસાર તમે આ સાડીના બદલામાં કશું મોકલાવશો નહીં. પણ એમ ને એમ કશુંક મોકલવામાં વાંધો નહીં એમ અમારા ગોરમહારાજ કહેતા હતા. એટલે તમે કશુંક મોકલાવશો તો હું કંઈ ના પાડીને ભાભીનું અપમાન થોડી કરવાની હતી ? નણંદ તો કળોઈ કહેવાય. તમે તો સમજુ છો. તમને વિશેષ શું કહેવાનું હોય !

લિ. તમારી નાની નણંદના જય શ્રીકૃષ્ણ

તા. ક. આ વૅકેશનમાં અમે સૌ તમારા મહેમાન થવાનાં છીએ. ભાણિયાઓ ક્યારના ઉતાવળા થયા છે.

(૨)

ચિ. નણંદબા,

તમે મોકલેલી સાડી મળી. આ સાડી મેં અમારે ત્યાં વાસણ સાફ કરતી બાઈને આપી તો એ એમ સમજી કે વાસણ માંજ્યા પછી લૂછવા માટેના કટકા માટે ઊતરેલી સાડી આપી છે. એ તો ફાડવા જતી’તી ત્યાં મેં એને કહ્યું કે આ તો તને પહેરવા આપી છે. દિવાળીની બોણી વહેલી આપી છે એમ સમજજે. તો કહે, દિવાળીની બોણી આપવી હોય તો આપજો, પણ આવી ચીંથરા જેવી સાડી મારે ન જોઈએ. બોલો નણંદબા ! તમે પ્રેમથી મોકલેલી સાડી માટે એવી એ કેવું બોલી ગઈ ! પછી મેં પ્યાલાબરણીવાળી બાઈને સાડી આપી અને બદલામાં એક બરણી માગી તો કહે, આવી સાડીના બદલામાં બરણી થોડી મળતી હશે ? પછી બહુ માથાકૂટ કરી ત્યારે નાનું અમથું કચોળું આપ્યું. લઈ લીધું. શું કરીએ બહેન, સાડી મફતમાં તો થોડી આપી દેવાય છે ? કચોળું તો કચોળું !

તમે કળોયાં છો એની તો ક્યાં ના છે ! પણ અહીંના સ્થાનિક છાપામાં એવા સમાચાર છપાયા હતા કે એક ભાભીને એવું સપનું આવ્યું કે નણંદ ભાભી માટે સાડી મોકલે એના બદલામાં કશું મોકલવાનું નહીં જ, પરંતુ જે તારીખે સાડી મળે ત્યારથી શરૂ કરીને બરાબર પાંચ વરસ સુધી નણંદ કે ભાણી-ભાણિયાઓને કશું આપવું-કરવું નહીં. જો

**(અનુસંધાન ૧૬મા પાને)**

સાંપ્રત

# શું કળિયુગ આવી રહ્યો છે ?

સમૂહજીવન એ માણસની પ્રાથમિક જરૂરિયાતોમાંની એક છે. પરસ્પરનો સહયોગ અને બુદ્ધિમત્તાથી માનવીએ સમગ્ર જીવનસૃષ્ટિમાં અનેરો વિકાસ સાધ્યો છે. પ્રેમ, વિવેકબુદ્ધિ, સેવાભાવના, સંવેદનશીલતા અને સંયમ જેવા ગુણોના કારણે સહુ સુખપૂર્વક સાથે રહી શકે છે. પરિવાર, સંબંધીઓ, સ્નેહી-મિત્રો અને વિવિધ જૂથો સાથે રહીને વ્યક્તિ કુશળ બને છે, પ્રસન્નતા અનુભવે છે અને સલામતી પ્રાપ્ત કરે છે. ઔદ્યોગિક ક્રાંતિ બાદ થયેલા શહેરીકરણના કારણે મોટાં સંયુક્ત કુટુંબોની જગ્યાએ પતિ, પત્ની અને તેમનાં એક-બે બાળકોનું નાનું કુટુંબ આજે સર્વત્ર જોવા મળે છે. વ્યક્તિગત સ્વતંત્રતા, ઇચ્છા મુજબ અને પસંદગી પ્રમાણે વિવિધ કાર્યો કરવાની મોકળાશ આપણા મૂળભૂત અધિકારનો ભાગ બની છે. આ સાથે આપણે વર્તમાનપત્રમાં વાંચીએ કે ટેલિવિઝનમાં જોઈએ તે સમાચારોમાં મુખ્યત્વે હિંસા, દુષ્કર્મ, આક્રમક વલણ અને ઈર્ષ્યા-વેર જેવા ભાવો સાથે નિહાળવાનું કે વાંચવાનું થાય ત્યારે આપણને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય, 'આપણું શું થવાનું છે ?' શું આપણે માનવી મટીને પશુ જેવું અને હકીકતમાં તો તેનાથી પણ બદતર વર્તન કરી શું સિદ્ધ કરવા માંગીએ છીએ ? સ્નેહ, સુરક્ષા, કરુણા અને સેવા વિના સમાજ ટકી શકશે ? જે સમાચારો આવે છે તેમાં પિતાએ ૮ વર્ષની સગી પુત્રી પર દુષ્કર્મ કર્યું, અઢી વર્ષની પોતાની દીકરીની હત્યા કરી; પતિએ ૪૫ વર્ષના દાંપત્યજીવન બાદ નજીવી બાબતની તકરારને કારણે પત્નીની હત્યા કરી, પોતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો. પ્રેમીએ પ્રેમિકાને સખત માર માર્યો, છતાં 'હું તેને સુધારીશ' એવી માન્યતા સાથે તેની સાથે રહેલી પ્રેમિકાની હત્યા કરી ટુકડા કરી નાખી ડીપ ફ્રીઝમાં રાખ્યા. એક કન્યાએ ફેસબુકના મિત્રના કહેવાથી મા-બાપને ઘેનની દવા પાઈને ઘરમાંથી રોકડ રકમ, મોબાઈલ ફોન, ક્રેડિટ કાર્ડ વગેરે લઈ દૂરના શહેરમાં કોઈ હોટેલમાં વિધર્મી અને જૂઠું બોલનાર સાથે રાતો વિતાવી.

ક્યારેક તો આપણને લાગે કે શું આ કળિયુગનું પ્રથમ ચરણ છે ? આવી અંધાધૂંધી વ્યાપી છે ત્યારે ભવિષ્ય કેવું હશે ? શા કારણે વ્યક્તિઓનું વર્તન સંયમ અને વિવેકને સાવ વીસરી જઈને આટલી હદે વિકૃત બન્યું છે ? આ ઘટનાઓને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ કઈ રીતે મૂલવી શકાય ? જાગૃત નાગરિકોએ આ સ્થિતિમાં સુધારો લાવવા શું કરવું જોઈએ ? સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે, 'અતિ સ્નેહ ધરાવતી વ્યક્તિમાં શંકા હોવાની હકીકત છે.' પરિવારનો પાયો પ્રેમ છે, પરિવારની ઉષ્મા, કાળજી અને પ્રોત્સાહન જ વ્યક્તિની શક્તિઓને વિકસાવે છે અને તેને નિખારે છે. પરિવારનું વાતાવરણ આનંદ-કિલ્લોલ, શ્રદ્ધા અને વિશ્વાસ, ઉમંગ અને પ્રોત્સાહનથી ભર્યું હોય, તો તે વ્યક્તિને સ્વર્ગની અનુભૂતિ કરાવે છે. આપણી કમનસીબી છે કે આજે પરિવાર

સાથેના વ્યક્તિઓના સંબંધો કથળી ગયા છે. પરિવારમાં સલામતીની જગ્યાએ ગુનાઓ દ્વારા અકલ્પ્ય અને અસહ્ય વર્તન થઈ રહ્યું છે. આ ઉપરાંત મોબાઈલ ફોન, સૌની અલગ અલગ અગ્રતા અને સ્વકેન્દ્રી વલણના કારણે વ્યક્તિ પરિવારમાં રહીને પણ એકલતા અનુભવે છે. હૂંફના અભાવે નિરાશા-હતાશાને કારણે માનસિક બીમારીનો શિકાર બને છે.

બાળક હજી માંડ ત્રણ વર્ષનું થાય, ત્યાં તેને નર્સરી-કેજીમાં મોકલવામાં આવે છે. અન્ય બાળકો સાથે હળવું-ભળવું, રમવું, સ્નેહ આપવો તેવા અભિગમને બદલે બાળકને અક્ષર, અંક, શબ્દો, ગણિત કેમ જલદી આવડી જાય અને અન્ય બાળક કરતાં વધારે ચાલાક અને હોશિયાર દેખાય તેની ચિંતા માતા-પિતા કરે છે. બાળક માતા-પિતાની અપેક્ષામાં સ્હેજે ઊણું ઊતરે તો તેને ધમકાવી, ડરાવી તેને ન ગમતું કામ કરાવતી વખતે બાળમાનસ પર આની શું વિપરીત અસર થાય છે તેનો ઘણી વાર ખ્યાલ રહેતો નથી. બાળઉછેર અંગે યુવાનો માટે ડગલે ને પગલે સ્પર્ધા છે. કૉલેજમાં પ્રવેશ જોઈએ છે ? નોકરી મેળવવી છે ? કોઈ ક્ષેત્રે નામના પ્રાપ્ત કરવી છે ? કમાણી કરવી છે ? આ દરેક પ્રસંગે ગળાકાપ હરીફાઈનું વાતાવરણ જોવા મળે છે. નિષ્ફળતાના ડરના કારણે યુવાનો તણાવમાં આવી જાય છે. બેરોજગારોની મોટી સંખ્યા વચ્ચે લાયકાત ધરાવતાં યુવાન-યુવતી માટે ક્યારે યોગ્ય નોકરી મળશે તે પ્રશ્ન સતત મૂંઝવતો રહે છે. નોકરી કે કામધંધામાં જોડાયા બાદ પણ હરીફાઈનો સામનો કરવાનો જ હોય છે. અભ્યાસ કે કારકિર્દી દરમિયાન વ્યક્તિ ઉપેક્ષા, અપમાન, ઈર્ષ્યા, શોષણ કે અન્યાયનો ભોગ બને, ત્યારે તે વિચલિત થઈ જાય છે. તેનાં વાણી, વર્તન અને વલણમાં ખૂબ નકારાત્મક ફેરફારો થાય છે.

આજના મોંઘવારીના સમયમાં અનેક પરિવારો/વ્યક્તિઓની ઇચ્છાઓ તો શું એની પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરી થતી નથી. આના કારણે હતાશાનું વાતાવરણ નિર્માણ થાય છે. ખાસ કરીને વ્યક્તિને રોટી, કપડાં, મકાન મેળવવા માટે અતિ સંઘર્ષ કરવો પડે કે શિક્ષણ-આરોગ્ય સેવા પ્રાપ્ત કરવા માટે જંગી દેવું કરવું પડે ત્યારે તે વિહ્વળ થઈ જાય છે. ઉંમરલાયક વ્યક્તિઓ નવી પેઢી સાથે તાલમેલ નથી રાખી શકતી. પોતાની અધૂરી ઇચ્છાઓ કે દુરાગ્રહોના કારણે પરિવારમાં ક્ષુબ્ધ વાતાવરણ સર્જે છે. નવી પેઢી પણ લાગણીના બદલે ગણતરીપૂર્વક વિચારીને વડીલોને મારપીટ કરવામાં પણ સંકોચ અનુભવતી નથી. વૃદ્ધ પણ પોતાના વિચારો જ સાચા અને સૌને બંધનકર્તા હોય તેવો આગ્રહ સેવતા હોય છે.

આપણા સમાજમાં વર્તમાન સમયમાં જે જે ગંભીર અને ગોઝારી ઘટનાઓ બને છે, તે નિવારવા માટે આપણે વિવિધ કારણો અંગે વિચારણા કરી. આના નિરાકરણ માટે આપણે ખૂબ કાળજી અને જહેમતથી કામગીરી કરવી જરૂરી છે. આ બાબતો અતિ સંવેદનશીલ હોવાથી વ્યક્તિની માનસિકતામાં પરિવર્તન લાવવાનું હોય અને ક્ષણિક આવેશમાં ગેરવર્તન ન થાય તે માટે જરૂરી પગલાં લેવા અને તેનો અમલ કરવા માટે વ્યવસ્થા ગોઠવ્યા સિવાય કોઈ વિકલ્પ નથી. સૌપ્રથમ વ્યક્તિ સ્વકેન્દ્રી બન્યો છે, ત્યારે

પરિવાર-મિત્રોમાં જાગૃતિ લાવી વ્યક્તિ અન્ય સાથે લાગણીપૂર્વક જોડાયેલો રહે તે માટે સંપર્ક, સંવાદ અને સમજણમાં સતત વધારો થતો રહે તેમ કરવું જરૂરી છે.

બીજું, વ્યક્તિને એ સમજણ આપીએ કે હિંસા નિરર્થક છે. હિંસાથી કોઈ સમસ્યાનું સમાધાન થતું નથી, પરંતુ ઈર્ષ્યા-વેરઝેરને કારણે હિંસાનું દુષ્ચક્ર વધારે ઝડપથી ફરતું રહે છે. આપણા સુખનો આધાર પરસ્પરનો પ્રેમ જ છે. ઇચ્છાઓ કદી પૂર્ણપણે તૃપ્ત નહીં થાય પણ સંયમ અને વિવેકભર્યું વર્તન રાખીશું, સૌને સાથે રાખીશું, તો સુખ અને આનંદ જ પ્રાપ્ત થશે.

ત્રીજું, મોબાઈલ, વર્તમાનપત્રો અને ટેલિવિઝન દ્વારા અપાતા સમાચારો, અભિપ્રાયો, મોબાઈલની એપ્સ અને નેટ દ્વારા નિરંકુશ રીતે અશ્લીલ, હિંસક અને વિકૃત બાબતોનો ફેલાવો થઈ રહ્યો છે તેને અસરકારક કાયદાથી રોકવો જરૂરી છે. અનેક યુવા જ નહીં, પણ પ્રૌઢ વ્યક્તિઓના વર્તનની વિકૃતિનું કારણ મોબાઈલની ભયજનક વસ્તુઓ જોતા રહેવાનું છે.

ચોથું, પરિવારનું વાતાવરણ સુમેળભર્યું બને, અભ્યાસ અને વ્યવસાયમાં ખોટી સ્પર્ધાને બદલે સહયોગ સાધવાનો ભાવ પ્રબળ બને, અન્યના સુખમાં મારું સુખ છે તેવી ભાવના બળવત્તર બને. આ માટે સહિયારો પુરુષાર્થ કરવો જરૂરી છે. વ્યક્તિના રોજબરોજના અનુભવો ઘૃણા, કડવાશ કે ઈર્ષ્યાથી મુક્ત થશે, તો તેની નકારાત્મક ભાવનાઓ અંકુશમાં રહેશે. દરેક સમાજ યોગ્ય પરંપરા અને પદ્ધતિઓ દ્વારા વ્યક્તિની વિચારધારા અને વર્તનને પ્રભાવિત કરી શકે છે. શિક્ષણ દ્વારા અને સ્નેહીઓ મારફત સંસ્કારસિંચન અવિરત થાય તેની કાળજી આવશ્યક છે.

અંતમાં, સાંપ્રત સ્થિતિની ચિંતા જરૂર કરીએ, પણ આ દિવસોમાં આપણે ધીરજ, સમજણ, પ્રેમ અને સંવેદનાથી સમાજમાં જે સડો પેઠો છે તેને દૂર કરવાનો છે. જેમ કોઈ કુશળ સર્જન શરીરની વિકૃતિને ઑપરેશન દ્વારા કુશળતાથી દૂર કરે છે તેમ સમાજના અગ્રણીઓએ સમાજસુધારણાની આ જવાબદારી અદા કરવાની છે.

**– પ્રવીણ ક. લહેરી**

---

**(૧૩મા પાનાનું ચાલુ)**

આમાં ભૂલ થશે તો નણદોઈ માથે ઘાત આવશે. અમારા નણદોઈ કરોડ વરસના થાવ. નણદોઈના ભલા માટે પાંચ વરસ સુધી તમને રૂમાલનો કટકોય આપી શકાશે નહીં તે જાણશોજી. આવતી સાલ તમે ભાણીનાં લગ્ન કરવાનાં છો. ભાણીને કાનનાં મજાનાં બૂટિયાં કરાવી આપવાની હોંશ હતી, પણ હવે અમારાથી કશું આપી શકાશે નહિ. આ કારણે મારો જીવ બહુ બળે છે. પણ શું થાય ? અમારા નણદોઈ મજામાં હશે. ભાણી-ભાણિયાઓને શુભાશિષ.

લિ. ભાભીના શુભાશિષ વાંચશો.

તા.ક. : આ વૅકેશનમાં અમે મારા ભાઈને ત્યાં જવાનાં છીએ. ટિકિટોનું રિઝર્વેશન પણ કરાવી લીધું છે તે જાણશોજી.

**– રતિલાલ બોરીસાગર**

# એક અનોખી નૃત્યકાર બેલડી : જોએલ અને ઈવ

અમદાવાદના 'નટરાણી' એમ્ફી થિયેટરમાં ૧૮ ડિસેમ્બર, ૨૦૨૨ની સાંજે ભજવાઈ રહેલા નૃત્યના કાર્યક્રમને પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈને, પરંતુ થોડા અધ્ધર શ્વાસે નિહાળી રહ્યા હતા, કારણ કે સ્ટેજ પર જે કલાકાર બેલડી નૃત્ય કરી રહી હતી તે તદ્દન વિશિષ્ટ હતી, કમાલની હતી ! આવી જોડીનું નૃત્ય આ પહેલાં તેમણે ક્યારેય નિહાળ્યું નહોતું. એ પ્રેક્ષકગણમાંની હું પણ એક હતી.

સ્ટેજ પર પાશ્ચાત્ય સંગીતના તાલે નૃત્ય કરી રહેલાં બે કલાકારો પૈકી ઈવ મુત્સો શારીરિક રીતે નૉર્મલ કલાકાર હતી, જ્યારે તેનો સાથી નૃત્યકાર જોએલ બ્રાઉન વ્હીલચૅર પર હતો. એક પૅરાપ્લેજિક કલાકાર અને એક નૉર્મલ કલાકારના એ યુગ્મ નૃત્યએ પ્રેક્ષકોને અભિભૂત કરી દીધા. જોએલ અને ઈવે ફ્લોર ડાન્સ તો કર્યો જ, પરંતુ સ્કેફોલ્ડ (મૅટલના સળિયા દ્વારા ઊભી કરવામાં આવેલી માંચડા જેવી સંરચના) પર, હવામાં અધ્ધર લટકીને પણ ડાન્સ કર્યો. જમીન ઉપર ઊભા પણ ન રહી શકતા જોએલ માટે તેમ કરવું એ કેટલી મહેનત, કેટલી હિંમત અને કેટલી પ્રૅક્ટિસ માંગી લેતું કામ હશે ! એક કલાકના તેમના આ નૃત્યમાં જોએલ અને ઈવે ના તો એક ક્ષણ માટે સંતુલન ખોયું,  ના તો તાલ. તેમના આ ડાન્સ '111'ને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો અને જેઓ તાળી ના પાડી શક્યા તેમણે આનંદભરી કિલકારીઓથી તેમને વધાવ્યાં. તેઓ તાળી એટલે ના પાડી શક્યા, કેમ કે તેમને હાથ નહોતા ! મોટા ભાગના પ્રેક્ષકો અપંગ માનવ મંડળના સભ્ય એવાં ભાઈ-બહેનો, કિશોર વયનાં છોકરા-છોકરીઓ હતાં, જેઓ વિશેષ આમંત્રણથી કાર્યક્રમ નિહાળવા આવ્યાં હતાં. જોએલ અને ઈવે તેમનામાં જબરજસ્ત ઉત્સાહ અને જોશ ભરી દીધા હતા તે સ્પષ્ટ દેખાઈ આવતું હતું. કાર્યક્રમ પહેલાં જોએલ અને ઈવે આ બાળકો સાથે બે દિવસની વર્કશૉપ કરી હતી અને તેઓ પણ ડાન્સ કરી શકે છે તેવો વિશ્વાસ તેમનામાં જગાડ્યો હતો.

જોએલ મૂળ અમેરિકન છે, પણ હવે લંડનમાં સ્થાયી છે. કેવળ નવ વર્ષની ઉંમરે થયેલ ગંભીર કાર-અકસ્માતમાં જોએલની કરોડરજ્જુના મોટા ભાગના મણકાઓ ભાંગીને ભુક્કો થઈ ગયા. કેવળ ગરદનના સાત અને પૂંઠના ચાર મણકા સલામત રહ્યા. ડૉક્ટરોએ તેની પીઠમાં મોટો સળિયો નાંખી તેને બેઠો તો કર્યો, પણ તે ક્યારેય ચાલી શકવાને કે ઊભો રહી શકવાને સમર્થ ના રહ્યો. તેનું જીવન વ્હીલચૅર સાથે બંધાઈ ગયું. યુવા વયે તેને નૃત્યમાં રસ જાગ્યો અને આઠ વર્ષ પહેલાં તેણે જ્યારે ઈવને નૃત્ય કરતી જોઈ ત્યારે તેનો આ નૃત્યપ્રેમ વધુ ગાઢ બન્યો. જોએલે ઈવ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે પોતે તેની સાથે નૃત્ય કરવા ઇચ્છે છે. ઈવે તે પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધો.

ઈવ સ્કોટલૅન્ડના ગ્લાસગો શહેરમાં રહે છે. નાનપણથી જ તેણે સ્કોટિશ બૅલે



નૃત્ય કરતાં જોએલ અને ઈવ

કંપનીમાં બૅલે શીખવાની શરૂઆત કરી દીધી હતી. વર્ષો સુધી તેણે સ્કોટલૅન્ડની બૅલે કંપનીમાં અગ્રણી બૅલે ડાન્સર તરીકે કામ કર્યું.

જોએલ અને ઈવ બંને જુદાં શહેરોમાં વસે છે. વર્ષમાં એક કે બે સપ્તાહ બંને સાથે મળીને નવી નૃત્યરચનાની સંકલ્પના કરે છે, તેની પ્રૅક્ટિસ કરે છે અને પછી તેને ભજવે છે. એક નૉર્મલ અને એક પૅરાપ્લેજિક કલાકાર સાથે નૃત્ય કરે ત્યારે બંનેએ એકબીજા સાથે ઘણું સમાયોજન સાધવું પડે. આ તેઓ કેવી રીતે કરે છે, તેના ઉત્તરમાં ઈવ કહે છે કે જોએલની શારીરિક મર્યાદાઓને ધ્યાનમાં રાખ્યા પછી મેં એ નક્કી કર્યું કે અમારા બંનેમાં સામ્યતા શી છે. મેં જોયું કે અમારા બંનેના હાથ લાંબા છે એટલે મેં અમારા ડાન્સમાં હાથની મૂવમેન્ટ્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. જોએલના હાથ મજબૂત છે એટલે એ ઊંચે સળિયા પર લટકી શકે તેમ હતો. મારા હાથ એટલા મજબૂત નથી એટલે મેં સર્કસમાં જઈને સળિયાને કેવી રીતે પકડવો, તેના પર કેવી રીતે લટકવું તેની તાલીમ લીધી. વ્હીલચૅર પરથી જ સીધા સળિયા પર લટકવું ઘણું મુશ્કેલ છે પણ જોએલ તેના પ્રબળ આત્મવિશ્વાસથી તેમ કરી શકે છે.

જોએલે તેમની આ નૃત્યરચનાને '111' (એકસો અગિયાર) એવું નામ આપ્યું છે. તેનું કારણ જણાવતાં તે સસ્મિત કહે છે, 'સામાન્ય રીતે મનુષ્યની કરોડરજ્જુમાં ૨૫ મણકા હોય છે, પણ જ્યારે મેં ઈવને ડાન્સ કરતાં જોઈ ત્યારે મેં તેને કહ્યું કે તું તો એવી રીતે ડાન્સ કરે છે જાણે કે તારી કરોડરજ્જુમાં ૧૦૦ મણકા હોય !' સો તારા અને અગિયાર મારા, એમ ૧૧૧ મણકા થયા એટલે અમારી આ ડ્યુએટ નૃત્યરચનાને નામ આપ્યું '111' !

જોએલ યુકેની અગ્રગણ્ય ડાન્સ કંપની કેન્ડોકો સાથે સંકળાયેલ છે, જે ઈન્કલ્યુસીવ ડાન્સ કંપની છે એટલે કે તેમાં નૉર્મલ વ્યક્તિઓની સાથે દિવ્યાંગ લોકો પણ ડાન્સ કરી શકે છે. જોએલ કહે છે કે નૉર્મલ વ્યક્તિ સાથે ડાન્સ કરવા માટે હિંમત કરતાં પરસ્પર વિશ્વાસ હોવો વધુ મહત્ત્વનો છે. જો તમને તમારા પાર્ટનર પર પૂરેપૂરો વિશ્વાસ હોય તો બધું સરળ બની જાય છે. હું સમાજને ફક્ત એટલું જ કહેવા માંગું છું કે દિવ્યાંગ લોકોને ક્યારેય એમ ના કહો કે આ તમે નહીં કરી શકો.


જોએલ અને ઈવની અદ્ભુત નૃત્ય પ્રસ્તુતિ જોયા પછી મનમાં એક જ વાત ઘૂમરાતી હતી કે પશ્ચિમના દેશોમાં દિવ્યાંગ લોકોનું સમાજની મુખ્ય ધારા સાથે સંમિલન કેટલું સહજ છે! ચાહે તે શિક્ષણના ક્ષેત્રે હોય, કારકિર્દીના ક્ષેત્રે હોય કે કલાના ક્ષેત્રે. આપણે ત્યાં આવું કેમ નથી ?

**– બેલા ઠાકર**

# ઈ-બોમ્બ તે વળી હોય ?

થોડા વખત પહેલાં સમાચાર હતા કે અમેરિકામાં કમ્પ્યૂટર સિસ્ટમમાં ટૅક્નિકલ ખામી સર્જાતાં ત્યાંની સમગ્ર વિમાનસેવા ઠપ્પ થઈ ગઈ હતી. લગભગ ૫૫૦૦ ફ્લાઇટ મોડી પડી અને ૯૦૦ ફ્લાઇટને તો રદ કરવી પડી. ફ્લાઇટના સફળ સંચાલન, સલામત ઉતરાણ અને સલામત આરોહણ-અવરોહણ માટે કમ્પ્યૂટર સિસ્ટમ પર આધાર રાખવામાં આવે છે. આ માટે ભૂમિગત કમ્પ્યૂટરપદ્ધતિ સાથે સાંકેતિક ભાષામાં વિમાનનો સંવાદ ચાલતો રહે છે. સ્વાભાવિક છે કે આ બિનતારીય સંદેશાવ્યવહાર (Wireless Communication) જ હોય. કહેવાય છે કે ભવિષ્યની કાર ચાલક વગરની હશે. આ માટેનાં નિદર્શનો તો થઈ ચૂક્યાં છે. કાર પણ GPS જેવી કોઈ પદ્ધતિથી પોતાનું સ્થાન અને ગંતવ્ય સ્થાનની માહિતી મેળવી રસ્તો પસંદ કરશે. રસ્તામાં આવતી ‘સ્માર્ટ રોડ સાઇન’થી ડ્રાઈવિંગ માટેની પૂરક માહિતી મેળવશે. અહીં પણ બિનતારીય સંદેશાવ્યવહાર ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સિનેમા હૉલમાં બેસીને સિનેમા જોવું હોય કે નાણાવ્યવહાર કરવો હોય - દરેક ક્ષેત્રે આપણે બિનતારીય સંદેશાવ્યવહાર અને કમ્પ્યૂટરપદ્ધતિના ઓશિયાળા થઈ ગયા છીએ. ન કરે નારાયણ અને સમગ્ર બિનતારીય સંદેશાવ્યવહારપદ્ધતિ કે કમ્પ્યૂટરપ્રણાલી કામ કરતી બંધ થઈ જાય તો? મોબાઈલ તો બંધ થઈ જ જાય ઉપરાંત યાતાયાતનાં બધાં જ માધ્યમો - સાધનો સ્થિર થઈ જાય. અરે! જે સાધનો/વાહનો ગતિમાં હોય તે અકસ્માતગ્રસ્ત થઈ જાય.

આપણે દાયકાઓથી બિનતારીય સંદેશાવ્યવહારપદ્ધતિને ઉપયોગમાં લેતા આવ્યા છીએ. ટ્રાન્સમીટર દ્વારા પ્રસારિત થતા વીજચુંબકીય તરંગો (Electromagnetic Waves - EM waves) આપણા રેડિયો, મોબાઈલ ફોન, ટીવી....જેવાં વિવિધ ઉપકરણોમાં એન્ટેના મારફતે પ્રવેશે છે. આ તરંગો પર માહિતીના સંકેતો સવાર થયા હોય છે. આ તરંગોમાં અતિશય ઓછી શક્તિ હોય છે. હવે જો આ EM તરંગો થોડા વખત માટે અતિ શક્તિશાળી બની જાય તો? આપણામાંથી ઘણાંનો અનુભવ છે કે ઘરમાં આવતી વીજશક્તિની માત્રા ક્ષણ વાર માટે ખૂબ વધી જાય તો વીજસોકેટમાં લગાડેલાં ઉપકરણો બળી જાય છે. કંઈક આવું જ બને છે કે જ્યારે આકાશમાંથી વીજળી પડે અને પારંપરિક વીજતાર તેના વાહક બને ત્યારે. આપણા ઉપકરણની અંદરના સેમિકંડક્ટર અને બીજા ઘટકો અતિ શક્તિશાળી EM તરંગોને લીધે શેકાઈ જાય છે - બળી જાય છે. તેને કારણે વીજઉપકરણ સદાયને માટે કામ કરતું બંધ થઈ જાય છે. આ ઉપકરણો કોઈ પ્રણાલી સાથે સંલગ્ન હોય તો તે પ્રણાલી પણ કામ કરતી બંધ થઈ જાય છે. આ તો થઈ આકસ્મિક વધી જતી EM તરંગોની શક્તિની વાત. પરંતુ કોઈ ચોક્કસ વિસ્તારમાં નિશ્ચિત સમયે ઘટનાને અંજામ આપવામાં આવે તો? અરે! આ તો બૉમ્બનું કામ કરે. યુદ્ધ વખતે દુશ્મન દેશનાં શહેરો પર કે પછી યાતાયાત નિયમન કેન્દ્ર




**ઈ-બૉમ્બની અસર**

પર થોડી વાર માટે શક્તિશાળી EM તરંગોનું પ્રસારણ કરવામાં આવે તો તે દેશમાં અરાજકતા ફેલાઈ જાય. અલબત્ત, આ પરિકલ્પનાને સાકાર કરવા માટે EM તરંગોની શક્તિ ઉપરાંત બીજાં કેટલાંક પરિમાણો વિશે તકેદારી રાખવી પડે છે. આ બધી વાતોમાં ઊંડા ઊતર્યા વગર આપણે આ નવા પ્રકારના આયુધ 'ઈ-બૉમ્બ' વિશે જ વધુ વાત કરીએ તો ?

થોડા જ સમયથી ઈ-બૉમ્બ સમાચારમાં ચમકે છે, પરંતુ EM આયુધનો વિચાર જૂનો છે. તેમાં પળભર માટે પ્રચંડ વીજશક્તિનું પ્રસારણ થતું હોવાથી તેને EMP (ElectroMagnetic Pulse) આયુધ પણ કહેવામાં આવે છે. ૧૯૬૦થી ૧૯૮૦ દરમિયાન યુ.એસ.એ.ને આ પ્રકારનાં આયુધોમાં સૌથી વધારે રસ હતો. તેનાં મૂળિયાં ૧૯૫૦ના દાયકામાં કરેલા આણ્વિક આયુધોનાં પરીક્ષણમાં છે. અમેરિકાએ હાઇડ્રોજન બૉમ્બનું પરીક્ષણ કર્યું અને મળ્યાં કેટલાંક આશ્ચર્યજનક પરિણામો. ત્યારે પ્રશાંત મહાસાગર ઉપર પરીક્ષણ-વિસ્ફોટ કરવામાં આવ્યો હતો જેને પરિણામે સેંકડો માઈલ દૂર હવાઈ ટાપુ પરની રસ્તાની બત્તીઓ ઊડી ગઈ હતી. આ વિસ્ફોટને લીધે દૂર ઑસ્ટ્રેલિયામાં રેડિયો પ્રસારણનાં ઉપકરણો ખોરવાઈ ગયાં હતાં. એ સમયે વિજ્ઞાનીઓ તારણ પર આવ્યા કે આ ઘટના કોમ્પ્ટન અસરને (Compton Effect) લીધે હતી. તે સિદ્ધાંત મુજબ વિસ્ફોટથી ઉત્સર્જિત ઇલેક્ટ્રૉનના ઘોડાપૂરે ધરતીના ચુંબકીય ક્ષેત્ર સાથે પ્રક્રિયા કરી અને શક્તિશાળી સતત બદલાતો (fluctuating) વીજપ્રવાહ ઉત્પન્ન થયો - જેને લીધે શક્તિશાળી ચુંબકીય ક્ષેત્ર પ્રેરિત (induced) થયું. પરિણામે શક્તિશાળી EMPને કારણે મોટા વિસ્તારમાં આવેલી સુવાહક સામગ્રીમાં તીવ્ર વીજપ્રવાહ પ્રેરિત થઈ શક્યો હોય. આ સામગ્રી એટલે વીજ અથવા તો ઇલેક્ટ્રૉનિક ઉપકરણોના ઘટકો. આમ અતિ શક્તિશાળી EMPને કારણે સુવાહક ઘટકોમાં વીજપ્રવાહ પ્રેરિત થાય છે જે અંતે તો સમગ્ર પ્રણાલીને બરબાદ કરી નાખે છે. આજકાલ બજારમાં મળતી, વીજ-પ્રવાહથી ચાલતી ઇન્ડકશન સગડી પ્રેરિત ઊર્જાનું હાથવગું ઉદાહરણ છે.

આપણે જાણીએ છીએ કે મહાનુભાવોની મુલાકાત વખતે તેમની આજુબાજુના વિસ્તારમાં મોબાઈલ ફોન કામ નથી કરતો. મોબાઈલ ફોન ફાળવેલી આવૃત્તિ (frequency) પ્રસારિત થતા EM તરંગો ઝીલીને પોતાનું કામ કરે છે. કેટલાંક ખાસ ઉપકરણોથી (frequency jammer) મોબાઈલ માટેના તરંગોને ખાસ હેતુપૂર્વક ખલેલ પહોંચાડવામાં આવે છે જેથી મોબાઈલ કામ ન કરી શકે. આ ઉપકરણો પૂર્વનિર્ધારિત તરંગો માટે અને મર્યાદિત વિસ્તારમાં કામ કરે છે. આ ટૅક્નૉલૉજીનું વ્યાપક સ્વરૂપ વધારે વિસ્તારને અને વધુ વિશાળ તરંગપટને (wavelength) આવરી લે તેવું કલ્પી શકાય. આ પ્રકારનાં શક્તિશાળી ઉપકરણો EM તરંગોનું પ્રસારણ જ ઠપ્પ કરી શકે; સાથે સાથે બિનતારીય સંદેશાવ્યવહાર આધારિત બધી જ સેવાઓ ખોરવાઈ જાય. અલબત્ત, આ વાત જેટલી સરળતાથી કરી છે તેટલી સરળતાથી અમલમાં મૂકી શકાય નહીં પણ 'ઈ-બૉમ્બ'ની રૂપરેખા તો ઘડી જ શકાય. આ લખનારની જાણ મુજબ આ પ્રકારનો ઈ-બૉમ્બ અસ્તિત્વ ધરાવતો નથી પણ ટૅક્નૉલૉજીની ક્ષિતિજે ડોકિયું જરૂર કરે છે.

સૈદ્ધાંતિક રીતે 'ઈ-બૉમ્બ' આયુધ બની શકે પણ વાસ્તવમાં આ પ્રકારનું આયુધ બનાવવું મુશ્કેલ લાગે છે. ખૂબ મોટા વિસ્તારમાં દૂરથી શક્તિશાળી EMP ઉત્પન્ન કરવા અને તે પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં - આ ખૂબ અઘરું કામ છે. ભવિષ્યમાં આ પ્રકારનાં આયુધો રણમેદાનમાં આવશે ત્યારે જાનહાનિ નહીં થાય પરંતુ જીવન દોહ્યલું બની જશે - મોટે પાયે વિનાશ થશે. ઓછા શક્તિશાળી ઈ-બૉમ્બ એટલે કે ઓછાં શક્તિશાળી EMP ઈલેક્ટ્રૉનિક ઉપકરણોને થોડા સમય માટે કામ કરતાં બંધ કરી દેશે. થોડા વધુ શક્તિશાળી EMP કમ્પ્યૂટર ડેટાને દૂષિત (corrupt) કરી નાખશે - પરિણામે ઘણી મહત્ત્વની સેવાઓ ઠપ્પ થઈ જશે અથવા તો વિચિત્ર વર્તન કરશે.

ઈ-બૉમ્બની વાત કરતી વખતે 'Single Point Failure' યાદ આવી જાય છે. કોઈ પણ પદ્ધતિમાં જો કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તો ફક્ત એક જ આઘાતથી - ફક્ત એક જ ચાવીરૂપ ખરાબીથી સંપૂર્ણ પદ્ધતિ કામ કરતી બંધ થઈ જાય છે. જેમ કે ઘરની બધી જ વસ્તુઓ - સંસાધનો વીજપ્રવાહ આધારિત હોય તો વીજપ્રવાહ ગુલ થઈ જતાં બધાં જ કામ અટકી પડે. પણ જો પાણી સૂર્યઊર્જાથી ગરમ થતું હોય, રસોઈ ગૅસના ચૂલા પર થતી હોય (અહીં પણ બાટલાના ગૅસ અને પાઈપલાઈન ગૅસનો વિકલ્પ હોય), ઈ-વાહનને બદલે પેટ્રોલથી ચાલતું વાહન હોય....જેવી ઘણી પ્રવૃત્તિ માટે વૈકલ્પિક ઊર્જા વાપરતા હોઈએ તો વીજપ્રવાહ બંધ થઈ જવા છતાં આપણું મોટા ભાગનું કામ ચાલુ રહે. આ જ વાતને વ્યાપક રીતે મૂલવીએ તો આપણે એક જ પ્રકારની ટૅક્નૉલૉજી પર વધુ ને વધુ આધાર રાખતા થઈ ગયા છીએ એ સારા સંકેત નથી. આપણે વૈકલ્પિક વ્યવસ્થા તો કરીએ છીએ પણ ટૅક્નૉલૉજી એની એ જ રાખીએ છીએ. આશા રાખીએ કે ટૅક્નૉલૉજીના માંધાતાઓએ આ અંગે વિચાર્યું જ હશે અને જીવનઉત્કર્ષ ટૅક્નૉલૉજી માટે વૈકલ્પિક ટૅક્નૉલૉજીનો પ્રબંધ પણ વિચાર્યો હશે.

**— ચિંતન ભટ્ટ**

પ્રેરણા

# ઈ-વેસ્ટની સમસ્યાનો સામનો



વીણા સહજવાલા

આજે સમગ્ર વિશ્વમાં કોઈ પણ દેશ તે પછી વિકસિત હોય કે વિકાસશીલ દેશ હોય પણ તેની સમક્ષ સૌથી મોટો પડકાર ગંજાવર ખડકાયેલ ઈ-વેસ્ટનો એટલે કે કમ્પ્યૂટર, લૅપટૉપ, સ્માર્ટ ફોનના કચરાનો છે, પરંતુ હવે એની બહુ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે પ્રો. વીણા સહજવાલાએ આનો ઉકેલ શોધી કાઢ્યો છે. ૨૦૧૮ના એપ્રિલ માસમાં ઑસ્ટ્રેલિયાની યુનિવર્સિટી ઑફ ન્યૂ સાઉથ વેલ્સની મદદથી એણે વિશ્વની પ્રથમ માઈક્રોફૅક્ટરી શરૂ કરી, જેનાથી ઈ-વેસ્ટમાંથી કીમતી મટીરિયલનો ફરી ઉપયોગ કરી શકાશે. મૂળ મુંબઈમાં જન્મેલી વીણા સહજવાલાએ આઈ.આઈ.ટી. કાનપુરમાં ૧૯૮૬માં બી.ટેક. કર્યું. ત્યારબાદ કૅનેડામાં મૅટલ ઍન્ડ મટીરિયલ એન્જિનિયરિંગમાં એમ.એસસી. કર્યું અને અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાંથી મટીરિયલ ઍન્ડ એન્જિનિયરિંગ સાયન્સમાં પીએચ.ડી. કર્યું છે. હાલ તેઓ ઑસ્ટ્રેલિયામાં યુનિવર્સિટી ઑફ ન્યૂ સાઉથ વેલ્સમાં મટીરિયલ્સ સાયન્ટિસ્ટ તરીકે કાર્યરત છે અને સેન્ટર ફૉર સસ્ટેનેબલ મટીરિયલ રિસર્ચ ઍન્ડ ટૅક્નૉલૉજી(SMaRT)નાં ડિરેક્ટર છે.

નાનપણથી જ વીણા સહજવાલા ભંગાર પ્રત્યે સતત વિચારતી રહેતી. મુંબઈમાં જન્મેલી વીણા મુંબઈમાં કચરાના ઢગલા જોતી. ફેક્ટરી પાસેથી પસાર થતી, ત્યારે હંમેશાં વિચારતી કે આ એ જ વસ્તુ છે જેના વિશે મારે કંઈક કરવું જોઈએ. આજે પણ એ જ્યારે કોઈ ભંગાર જુએ છે, ત્યારે એમ થાય છે કે એને ફેંકી કેવી રીતે શકાય? તે દરેક વ્યક્તિને ભંગાર વિશે વિચારવા પ્રોત્સાહિત કરે છે અને કહે છે કે તમે એની સામે જુઓ ત્યારે ખરેખર તમને એ ભંગાર લાગે છે કે કોઈ રિસોર્સીઝ દેખાય છે ? જે વસ્તુ આપણી જિંદગી સાથે સંકળાયેલી છે તે બધા રિસોર્સ જ છે. જમીનની અંદર રહેલાં સંસાધનોને જોઈએ છીએ તો જમીનની ઉપરનાં સંસાધનોને પણ જોવાં જોઈએ.

એની સૌથી મોટી શોધ પૉલિમર ઇન્જેક્શન ટૅક્નૉલૉજીની છે જે ગ્રીન સ્ટીલ તરીકે પણ ઓળખાય છે. તેણે એન્વાયરમેન્ટ ફ્રૅન્ડલી ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને રબરના ટાયરને કોલસા અને કોકના સ્થાને મૂકીને સ્ટીલ બનાવ્યું જેનાથી ગ્રીન હાઉસ ગૅસનું પ્રમાણ ઓછું થયું. આમ કરવાથી પ્રતિવર્ષ વીસ લાખ ટાયર જમીનમાં જતાં અટકે.

તેઓ ઑસ્ટ્રેલિયન સ્ટીલ કૉર્પોરેશન વનસ્ટીલ અને મોલીકોપ સાથે કામ કરીને આમાં વિશેષ સંશોધન કરી રહ્યાં છે. ગ્રીન સ્ટીલ ટેક્નૉલૉજીનો વિશ્વમાં ઉપયોગ થઈ રહ્યો છે. આ અંગે એમને ઘણા ઍવૉર્ડ મળ્યા છે. વીણા કહે છે કે, સામાન્ય રીતે વ્યક્તિ હંમશાં પ્લાસ્ટિકના ભંગારમાંથી પ્લાસ્ટિક બનાવવાનું વિચારે છે, પરંતુ અમે જરા જુદી રીતે વિચાર્યું - ખાસ કરીને ઈ-વેસ્ટની બાબતમાં. જોકે એની રિસાઇક્લિંગની પ્રક્રિયા જુદી છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર મટીરિયલ વૈજ્ઞાનિક, એન્જિનિયર અને રિસાઇકલ વિજ્ઞાનમાં ક્રાંતિકારી શોધ કરનાર વીણા સહજવાલાએ ૨૦૧૮માં વિશ્વની પ્રથમ ઈ-વેસ્ટ માઇક્રોફૅક્ટરી શરૂ કરી. ઘણાં સંશોધન પછી આ સ્માર્ટ સેન્ટરે સ્થાપેલી માઇક્રોફૅક્ટરી દ્વારા ઝડપથી ઈ-વેસ્ટના પ્રશ્નનો હલ નીકળશે અને ઈ-વેસ્ટથી પર્યાવરણને થતી હાનિ પણ ઓછી થશે. માઇક્રોફૅક્ટરી કમ્પ્યૂટરના સર્કિટ બોર્ડમાં વપરાયેલ તાંબું, કલાઈ જેવી ધાતુને છૂટી પાડશે, અન્ય ઇલેક્ટ્રૉનિક ઉપકરણોનાં ગ્લાસ અને પ્લાસ્ટિકનું માઇક્રોમટીરિયલમાં રૂપાંતર કરશે જેનો ઉપયોગ ઇન્ડસ્ટ્રિયલ સિરામિકમાં અને પ્લાસ્ટિકના સૂક્ષ્મ તારનો ઉપયોગ થ્રી-ડી પ્રિન્ટરમાં થઈ શકશે. સ્માર્ટ સેન્ટરનાં ડિરેક્ટર પ્રો. વીણા સહજવાલા કહે છે કે આ માઇક્રોફૅક્ટરી એવી છે કે જે ગ્લાસ, પ્લાસ્ટિક અને લાકડાનું કૉમર્શિયલ મટીરિયલ અને પ્રોડક્ટમાં રૂપાંતરણ કરશે.

ઈ-વેસ્ટના કચરાને બાળવાથી થતું વાયુપ્રદૂષણ ઓછું થશે તેમજ ક્યારેક કચરાને જમીનમાં દાટવામાં આવતો કે દરિયામાં ફેંકવામાં આવતો હોય છે. આ બધાં પ્રદૂષણને પણ અટકાવી શકાશે. એ રીતે માઇક્રોફૅક્ટરી સાચા અર્થમાં એક કાયમી ઉકેલ આપશે.

આજે તો આ માઇક્રોફૅક્ટરી પચાસ સ્ક્વેર મીટરમાં નાનાં મશીનો અને ઉપકરણોથી કામ કરે છે. સૌપ્રથમ મૉડ્યૂલમાં કમ્પ્યૂટર, મોબાઇલ કે પ્રિન્ટરને તોડી નાખવામાં આવે છે. તે પછીના મૉડ્યૂલમાં રોબૉટ દ્વારા તેના ઉપયોગી ભાગને ઓળખવામાં આવે છે અને ત્યારબાદ નાની ભઠ્ઠીમાં નાખીને યોગ્ય તાપમાને કીમતી મટીરિયલ મેળવવામાં આવે છે.

વીણા સહજવાલા માને છે કે જો નાના પાયે આ કામ કરવામાં આવે તો ગામડાંમાં અને નાના ટાઉન કે પ્રદેશમાં આ કામ સરળતાથી થશે અને નોકરીની ઘણી તકો ઊભી થશે. આજે યુનિવર્સિટી ઑફ ન્યૂ સાઉથવેલ્સ ઑસ્ટ્રેલિયન રિસર્ચ કાઉન્સિલ, ઉદ્યોગપતિઓ, સંસ્થાઓ, ઈ-વેસ્ટ સાઇક્લર ચશ્માં બનાવનારી કંપની ડ્રેસ્ડનની સાથે ભાગીદારી કરીને ટેક્નૉલૉજી વિકસાવી રહી છે. વીણા સહજવાલાને યુરેકા પ્રાઇઝ, પ્રવાસી ભારતીય સન્માન સાથે દેશ-વિદેશના અનેક ઍવૉર્ડ મળ્યાં છે. ૨૦૧૮માં ઑસ્ટ્રેલિયન એકૅડેમી ઑફ સાયન્સના ફેલો તરીકે પસંદગી પામેલાં વીણા સહજવાલાની એક જ ઇચ્છા છે કે વધુ ને વધુ યુવાનો અને ખાસ કરીને સ્ત્રીઓ આ ક્ષેત્રમાં આગળ આવે.

— પ્રીતિ શાહ

ટેક્નોલોજી

# ચેટજીપીટી

ચેટજીપીટીની સત્તાવાર એપ હજુ લૉંચ થઈ નથી. કંપનીની વેબસાઇટમાં જઈને એકાઉન્ટ ક્રિએટ કર્યા બાદ એનું ટેસ્ટિંગ કરી શકાય છે, છતાં એની લોકપ્રિયતા દિવસે દિવસે વધતી જાય છે. ટૅક્નૉલૉજીની દુનિયામાં આ કમ્પ્યૂટર પ્રોગ્રામની ભારે ચર્ચા છે. પ્રોગ્રામ લૉંચ થયો એને માંડ ત્રણ મહિના થયા છે, પરંતુ આ ત્રણ મહિનામાં તો ચેટજીપીટીએ ટૅક્નૉલૉજીની ભલભલી કંપનીઓને ચિંતામાં નાખી દીધી છે. ખાસ તો સર્ચએન્જિન ધરાવતી કંપનીઓમાં ચેટજીપીટીના આગમન સાથે મોટી હલચલ મચી ગઈ છે. ગૂગલ, માઇક્રોસૉફ્ટ બિંગ, યાન્ડેક્સ, યાહૂ, બૈડુ, આસ્ક, નેવર, ડકડકગો જેવા સર્ચએન્જિનના દિવસો પૂરા થઈ જશે એવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. દુનિયામાં નાનાં-મોટાં ૧૦૦-૧૫૦ સર્ચએન્જિન છે, પરંતુ એમાં ગૂગલની મૉનોપૉલી છે, એટલે જ ચેટજીપીટીના કારણે સૌથી વધુ પરસેવો ગૂગલને જ વળ્યો છે.

ગૂગલ આજની તારીખે સૌથી મોટું સર્ચએન્જિન છે. ઑનલાઇન સર્ચનું ૭૦ ટકા માર્કેટ ગૂગલ પાસે છે. કેટલાક અહેવાલોમાં આ આંકડો ૯૦ ટકા સુધીનો પણ ગણાવાઈ રહ્યો છે. અંદાજ તો એવો છે કે દુનિયાના ૪૭૨ કરોડ ઇન્ટરનેટ યુઝર્સમાંથી ૪૩૦ કરોડ ઇન્ટરનેટ યુઝર્સ ગૂગલ સર્ચએન્જિનનો ઉપયોગ કરે છે. સર્ચએન્જિન ટૅક્નૉલૉજીમાં ગૂગલ મૉનોપૉલી ધરાવે છે. સર્ચએન્જિન એટલે ગૂગલ અને ગૂગલ એટલે સર્ચએન્જિન - અત્યારે એવી સ્થિતિ છે. ૧૯૯૮માં ગૂગલની સ્થાપના થઈ પછી કંપનીએ અનેક ક્ષેત્રોમાં ઝંપલાવ્યું છે ને દરેક ક્ષેત્રમાં ધારી સફળતા મેળવી છે. ગૂગલના સ્થાપકો લેરી પેજ અને સર્ગેઈ બ્રિન વિશ્વના ટોચના ૧૦ ધનવાનોમાં સ્થાન મેળવે છે. કંપનીમાં ૧.૪૦ લાખ કર્મચારીઓ કાર્યરત છે.

ગૂગલના આવા દબદબા સામે ચેટજીપીટીએ રાતોરાત પડકાર ફેંક્યો છે. સાતેક વર્ષ પહેલાં બનેલી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કંપની ઓપનએઆઈ રિસર્ચ લૅબોરેટરીએ કમ્પ્યૂટર પ્રોગ્રામ ચેટજીપીટીનું સર્જન કર્યું છે. નવેમ્બર-૨૦૨૨માં ટેસ્ટિંગ થયા બાદ દુનિયાભરમાં તેની ચર્ચા જાગી છે. ચેટજીપીટીનું આખું નામ છે 'ચેટ જનરેટિવ પ્રી-ટ્રેઈન્ડ ટ્રાન્સફૉર્મર.' આ કમ્પ્યૂટર પ્રોગ્રામ એક પ્રકારનો ચેટબોટ છે. ૧૦ લાખ કરતાં વધુ યુઝર્સ એનો ડેમો લઈ ચૂક્યા છે. ભવિષ્યમાં કંપની ચેટજીપીટીનું સબ્સ્ક્રાઇબર મૉડલ રજૂ કરે એવી શક્યતા પણ ખરી. કદાચ કોઈ મોટી કંપની સાથે કરાર કરીને સ્માર્ટફોન, લૅપટૉપ કે ડેસ્કટૉપમાં જગ્યા કરે એવુંય બને.

આ બધી ચર્ચા-અટકળો વચ્ચે એ જાણવું જરૂરી છે કે જે ચેટજીપીટીની આટલી ચર્ચા થઈ રહી છે એ કામ કેવી રીતે કરે છે ? ચેટજીપીટી શું છે ?

ચેટજીપીટી એક પ્રકારે ચેટબોટ જ છે, પણ એ વધારે આધુનિક છે. ઝડપથી અને સચોટ જવાબો આપે છે. ચેટબોટ એટલે વાતચીત કરતો રોબૉટ. એક પ્રકારનો કમ્પ્યૂટર




પ્રોગ્રામ જે નિયત પ્રોગ્રામિંગના આધારે યુઝર્સને જવાબો આપે છે. ઈ-કૉમર્સ કંપનીનો ચૅટબોટ હોય તો એમાં એ પ્રકારની માહિતી મૂકવામાં આવે છે. તેના જવાબો પણ ઈ-કૉમર્સના સર્કલ પૂરતા સીમિત હોય છે. ટ્રાવેલ કંપનીનો ચૅટબોટ હોય તો એ ટ્રાવેલને લગતી વિગતો યુઝર્સને આપે છે. ચૅટજીપીટી આ બધા કરતાં અલગ છે. આ રિઅલ ટાઇમ ચૅટબોટ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી સજ્જ છે અને વિશાળ ડેટાબેઝના આધારે ચંદ સેકન્ડમાં જવાબો હાજર કરે છે. ચૅટજીપીટીને અત્યાર સુધીનો સૌથી બુદ્ધિશાળી ચૅટ-રોબૉટ કહેવામાં આવે છે!

ચૅટજીપીટી સર્ચએન્જિન કામ કરે એ મૅથડથી કામ કરે છે. ઑનલાઇન ઓપનસૉર્સમાં જે માહિતી હોય એના આધારે યુઝર્સને તુરંત જવાબ આપે છે. ચૅટબોટ જે કામ નક્કી કરેલી કંપની માટે કરે છે એ જ કામ ચૅટજીપીટી બધા જ ગ્રાહક માટે કરે છે. તેનો વ્યાપ વિશાળ છે. ગૂગલ સર્ચએન્જિન અત્યારે વેબસાઇટ્સની લિંક આપણા સુધી પહોંચાડીને આપણા સવાલનો જવાબ આપે છે. તમે ગૂગલ કરો કે ચૅટજીપીટી શું છે ? તો ગૂગલ રિઝલ્ટમાં જે વેબસાઇટ કે વીડિયો લિંકના કન્ટેન્ટમાં ચૅટજીપીટી કીવર્ડ્સનો ઉપયોગ થયો હશે એ બધી લિંક આપણી સ્ક્રીન સામે બતાવે છે. આ જ કામ ચૅટજીપીટી થોડી જુદી પદ્ધતિથી કરે છે. ચૅટજીપીટી આપણા સવાલનો મૌલિક જવાબ આપશે. દરેક સવાલના જવાબમાં ચૅટજીપીટી યુનિક કન્ટેન્ટ જનરેટ કરે છે.

એક ઉદાહરણ જોઈએ :

વોટ ઇઝ ગુજરાતી વિશ્વકોશ ?

આ સવાલ આપણે ગૂગલને કરીશું તો રિઝલ્ટમાં ગુજરાતી વિશ્વકોશ ડોટ ઓઆરજીની વેબસાઇટ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સત્તાવાર વેબસાઇટ, ફેસબુક પેજ, વિકિપીડિયા પેજ અને એ સિવાય 'ગુજરાતી વિશ્વકોશ' શબ્દ જે વેબસાઇટમાં હશે એ બધાની લિંક સ્માર્ટફોન કે કમ્પ્યૂટરની સ્ક્રીન પર બતાવશે. ગૂગલ આ સવાલના જવાબમાં મૌલિક સામગ્રી આપતું નથી. ઑલરેડી ઓપનસૉર્સમાં જે માહિતી હોય એના સુધી આપણને પહોંચાડે છે.

હવે આ જ સવાલ ચૅટજીપીટીને પૂછીએ : 'વોટ ઈઝ ગુજરાતી વિશ્વકોશ ?'

જવાબમાં ચૅટજીપીટી ગણતરીની સેકન્ડમાં ઓપનસૉર્સમાં ગુજરાતી વિશ્વકોશ અંગે જેટલી સામગ્રી છે એનો અભ્યાસ કરશે. એ પછી મૌલિક જવાબ બનાવીને આપણી સમક્ષ રજૂ કરતાં લખશે : " 'ગુજરાતી વિશ્વકોશ' એ ગુજરાતી ભાષાનો પ્રથમ અને એકમાત્ર જ્ઞાનકોશ છે." બીજો યુઝર આ જ સવાલ પૂછે ત્યારે એનો જવાબ આવો જ હોય તે જરૂરી નથી. ત્યારે એના લેટેસ્ટ અભ્યાસ પરથી નવો જવાબ રજૂ કરશે.

ટૂંકમાં ચૅટજીપીટી ગૂગલની જેમ આપણા સુધી યુઆરએલ પહોંચાડવાનું કામ નહીં કરે, માહિતી પહોંચાડશે અને એ પણ મૌલિક રીતે. વિદ્યાર્થી ચૅટજીપીટીમાં લખે કે ગુજરાતના પ્રથમ વિશ્વકોશ વિશે નિબંધ જોઈએ છે. જવાબમાં એ વિદ્યાર્થીના લેવલનો સરળ ભાષામાં મૌલિક નિબંધ ગણતરીની સેકન્ડમાં લખી આપશે. કોઈ વેબડેવલપર એને પૂછે કે વેબસાઇટમાં ખાસ પ્રકારની ડિઝાઇન માટે કોડિંગ જોઈએ છે, તો એ ક્યાંયથી ઉઠાંતરી કર્યા વગર મૌલિક કોડિંગ આપશે. આપણે એને કહીએ કે ઑફિસમાં ૧લી ફેબ્રુઆરીથી ૫મી ફેબ્રુઆરી સુધીની રજાનો મેઇલ લખવો છે, તો એ કૉર્પોરેટ ફૉર્મેટમાં મેઇલ લખી આપશે. આપણે માત્ર કૉપી કરીને મેઇલમાં પેસ્ટ કર્યા પછી શરૂઆતમાં અધિકારીનું અને છેલ્લે આપણું નામ જ ઉમેરવાનું બાકી રહે.

એમ તો આ ત્રણ મહિનામાં ઘણા છબરડા અને વિવાદો પણ થયા છે. ઓપનએઆઈ કંપની વારંવાર સ્પષ્ટતા કરે છે કે પ્રયોગો ચાલી રહ્યા હોવાથી ભૂલો થાય છે. અમે અપડેટ કરીને ચૅટજીપીટીને દિવસે દિવસે બહેતર બનાવી રહ્યા છીએ. નાની-મોટી ભૂલો, વિવાદો છતાં એની શરૂઆત એટલી ધમાકેદાર છે કે ગૂગલ સહિતની કંપનીઓ ઍક્શન મોડમાં આવી ગઈ છે. ગૂગલ બે-ત્રણ મહિનામાં સર્ચ ચૅટબોટ તૈયાર કરશે. ગૂગલની ગણતરી તો એવી છે કે ચૅટજીપીટીના વિકલ્પ રૂપે એકબે નહીં, ૨૧ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સંચાલિત ટૂલ્સ-ચૅટબોટ-એપ આ વર્ષે લૉંચ કરીને ડગમગતું સ્થાન સલામત બનાવી લેવું. ભારતીય મૂળના સીઈઓ સુંદર પિચાઈએ ગૂગલના સ્થાપકો લેરી પેજ, સર્ગેઈ બ્રિનની મદદ લેવાનું નક્કી કર્યું છે.

બીજી તરફ માઇક્રોસૉફ્ટ ચૅટજીપીટી બનાવનારી કંપનીએ ઓપનએઆઈમાં એક અબજ ડૉલરનું રોકાણ કર્યું છે. માઇક્રોસૉફ્ટ તેની પ્રોડક્ટમાં ચૅટજીપીટી એડ કરીને સર્ચએન્જિનનું મોટું ઑડિયન્સ પોતાની તરફ વાળશે એમ કહેવાય છે. માઇક્રોસૉફ્ટના સીઈઓ સત્ય નડેલા ચૅટજીપીટી માટે માહોલ બનાવવાનું કામ કરી રહ્યા છે. ભારતનું વિશાળ માર્કેટ સર કરવા સત્ય નડેલા હમણાં જ ધક્કો ખાઈ ચૂક્યા છે. તેમને ચૅટજીપીટી ગેમ ચેન્જર લાગે છે અને એનાથી મોટી આશા છે. ગૂગલ સામે સર્ચએન્જિનમાં આધિપત્ય જાળવી રાખવાનો પડકાર સર્જાયો છે. બંને કંપનીના ભારતીય મૂળના સીઈઓ પોતપોતાની કંપનીઓને અવ્વલ રાખવાના પ્રયાસો કરી રહ્યા છે. ભારતીય મૂળના બે દિગ્ગજ ટૅક્નૉક્રેટમાંથી કોણ ફાવશે એના પર ટૅક્નૉવર્લ્ડની નજર રહેશે.

**– હર્ષ મેસવાણિયા**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) પ્રદીપ ખાંડવાળા :**

મૅનેજમેન્ટના ક્ષેત્રમાં એક સમર્થ નામ એટલે શ્રી પ્રદીપ ખાંડવાલા. દાદા-પરદાદા તરફથી મળેલ સહજ જિજ્ઞાસાવૃત્તિ અને ઓપન માઈન્ડસેટના વારસાને લઈને તેઓ ધૈર્ય અને ધગશથી અનેક ક્ષેત્રોને સ્પર્શ્યા. વિશ્વખ્યાત આઈ.આઈ.એમ. અમદાવાદના ડિરેક્ટરપદ સુધી પહોંચનાર ડૉ. પ્રદીપ ખાંડવાળા મૃદુ સ્વરે પોતાની જીવનયાત્રા વર્ણવે છે, ત્યારે આપણા કાન સરવા થઈ જાય છે...એમની જ કહેવાની શૈલીને અકબંધ રાખીને તેઓના ઉછેરની રોમાંચક વાતો જાણીએ...

'બહુ રસપ્રદ વાત છે. મારા પિતાના કુટુંબની થોડી વાત કરું. એ વખતે મારા પિતાનું કુટુંબ સૂરતમાં ૧૮૫૬ કે ૧૮૫૭માં એક નાનકડી દુકાન ચલાવતું. એ ખાંડ વેચતા હશે એટલે અમે 'ખાંડવાળા' કહેવાયા. પણ એમાં નફો કરતાં ખોટ વધારે થઈ હતી તેથી દેવું થયેલું, એટલે મારા પિતાના દાદા ચુનીલાલ ખાંડવાળા કહે, 'અહીં તો આપણી દાળ ગળે એવું છે નહીં.' એટલે એ સૂરતથી મુંબઈ ચાલતા આવ્યા. તે વખતે એમનામાં એક ધગશ હતી કે આપણે કુટુંબની પરિસ્થિતિ સુધારવી છે. ચાલતા ચાલતા મુંબઈ ગયા અને ત્યાં કોઈ ઓળખીતા હશે એમને ત્યાં રહ્યા. રાતે લાઈટ હોય એની નીચે પોતે ભણે. ખાસ્સા હિંમતવાળા અને ખમતીધર માણસ હતા. આખરે એક કંપનીના પાર્ટનર બન્યા. એમણે એમના કુટુંબને સૂરતથી મુંબઈ બોલાવ્યું. એટલે જુઓ એ રીતે અમારા કુટુંબમાં આપણે જેને ઈંગ્લિશમાં રેઝિલિયન્સ કહીએ ને, સાહસિકતા તો નહીં કહું પણ એક જાતની કંઈક મુશ્કેલી આવે તેને સહન કરવાની શક્તિ કે ઈચ્છા એ ત્યારથી આવી છે.

મારા દાદા એટલે તુલજારામ ખાંડવાળા, એ પણ એક વિશિષ્ટ વ્યક્તિ હતા. એ ડૉક્ટર હતા અને ઘણાં વર્ષો સુધી સરકારી દવાખાનાંમાં કામ કરતા હતા. ડૉક્ટર હતા પણ એમને શોખ લાગ્યો comparative religionનો એટલે પછી બ્રહ્મસમાજમાં ગયા અને પછી આર્યસમાજમાં ગયા પછી ઘણા બધા સમાજોમાં જોડાયા. કૌલકાતામાં રાજા રામમોહનરાય ખરા ને એ બ્રહ્મસમાજને અમુક વર્ષ પૂરાં થતાં હતાં, તે નિમિત્તે બહુ

મોટું સંમેલન યોજાયું હતું અને ત્યાં દેશ-વિદેશથી લોકો આવ્યા હતા. એમાં અમેરિકાથી થોડા યુનિટેરિયન પાદરીઓ પણ આવ્યા હતા. હવે યુનિટેરિયન બહુ જ લિબરલ છે એ કંઈ સંકુચિત મનોવૃત્તિવાળા નથી એટલે એ આવ્યા અને મારા દાદાજીએ એમને આસપાસ ફેરવ્યા.

મારા પિતાની વાત કરું તો એ સ્વાતંત્ર્યસેનાની હતા અને ત્રણેક વાર જેલમાં ગયેલા. તે વખતે એ JOC હતા. જનરલ કમાન્ડિંગ ઑફિસર ઑફ વૉલન્ટિયર્સ મુંબઈમાં. વીસેક વર્ષની ઉંમર હશે અને લાઠીનો માર ખાધેલો અને જેલમાં ગયેલા. આ બધાં પરિબળોના પડઘા મારામાં પડ્યા છે. મને જુદા જુદા એક્સપોઝર્સ મળ્યા છે. એટલે મારું જીવન સંઘર્ષપૂર્ણ નથી રહ્યું. પણ રસપ્રદ રહ્યું, એક સ્ટિમ્યુલીટિંગ જેને કહીએ ને every moment is alive. શોખ પણ હતા. ક્રિકેટનો, ટેનિસનો, ટેબલટેનિસનો, સ્ટૅમ્પનો, ઍસ્ટ્રૉનૉમીનો બહુ જ શોખ. ઍસ્ટ્રૉલૉજીમાં પણ બહુ રસ પડ્યો છે. જ્યોતિષશાસ્ત્રમાં મેં ૫૦૧ હૉરોસ્કોપ ભેગા કરેલા !'



**(૨) રમેશ સંઘવી :**

શિક્ષણ, સાહિત્ય, સેવા, પ્રકાશનની દુનિયામાં પ્રદાન કરનાર ધૈર્યશીલ વ્યક્તિત્વ એટલે ગાંધીજન રમેશ સંઘવી. એમની સાથેનો સંવાદ આધ્યાત્મિકતાના માર્ગે આગળ ધપ્યો. શાંત વહેતા જળની જેમ મૃદુ અવાજમાં એકદમ ધીરજથી પોતાની મક્કમ વાતો રમેશ સંઘવીએ કરી. એ સંવાદનો સ્વાદ ચાખીએ :

'ગામડાનું કામ કરું, શિક્ષણનું કામ કરું, સાહિત્યનું કામ કરું. એ પહેલેથી જ ગમતું હતું, એટલે જે કંઈ કામો કર્યાં એ ગામડાને કેન્દ્રમાં રાખીને કર્યાં. ગાંધી, ગામડું, ગરીબાઈ – આ બધું એક સાથે જોડાયેલું જ લાગ્યું છે. ગાંધીને યાદ કરું એટલે ગામડું યાદ આવે. ગાંધીજીને યાદ કરું એટલે જે છેલ્લો માણસ છે એ યાદ આવે. ગામડાંમાં બેસીને કરાય તો ગાંધીનું વધારે કામ થઈ શકે. ગરીબોનું કામ થઈ શકે. શિક્ષણનું કામ ગમતું હતું, સાથે સાથે સાહિત્યનું કામ પણ ગમતું હતું. સાહિત્યમાં 'અક્ષરભારતી' કરીને એક પુસ્તકોનું પ્રકાશનગૃહ અને વેચાણગૃહ શરૂ કર્યું હતું. શિક્ષણ માટે થોડી શાળાઓ અને સંસ્થાઓ શરૂ કરી. એક સંસ્થા મેં કચ્છના રણની વચ્ચે શરૂ કરી. કચ્છના મોટા રણમાં ધોળાવીરા કરીને જૂની પુરાતત્ત્વની નગરી નીકળી છે, જે વર્લ્ડ હેરિટેજ ગણાય છે. એ ધોળાવીરા જતાં પહેલાં એની બાજુમાં જ રતનપર નામનું આયરોનું ગામ આવે, ચારે બાજુ રણ જ. દસેક કિમી. રણ પસાર કરીએ ત્યારે બેટ ઉપર પહોંચાય. બેટનું નામ 'ખડીર બેટ'. બાર-તેર નાનાં નાનાં ગામડાંઓ. છેલ્લું

ધોળાવીરા. પહેલું ગામ અમરાપર. એના પછી આસપાસ બીજાં નાનાં નાનાં ગામડાંઓ. અહીં રતનપર ગામમાં આગેવાન સવાબાપાએ અમને નવ-દસ એકર જમીન ભેટ આપી અને એ જમીન ઉપર શાળા, છાત્રાલય અને બીજી ઘણી બધી પ્રવૃત્તિ શરૂ કરી. આજે પણ ૨૫૦ બાળકો એના કૅમ્પસ પર રહે છે, જમે છે, ભણે છે. દસ ધોરણ સુધીની શાળા છે. અત્યારે હું નથી સંભાળતો, પણ બીજા મિત્રો એને સંભાળે છે, પણ આજેય ચાલે છે. એ આખા વિસ્તારમાં લાઇટ નહોતી અને પૂરા રસ્તાઓ પણ નહોતા. જ્યારે શરૂ કર્યું ત્યારે, ટેલિફોનની તો વાત જ નહીં, મોબાઈલનો યુગ તો આવ્યો જ નહોતો. એવા વિસ્તારમાં કામ શરૂ કર્યું છતાં એ પડકારભર્યું લાગ્યું નથી. પડકાર હોવા છતાં પણ એમ લાગ્યું કે આપણે એની સાથે એકરસ થઈ ગયા છીએ. એનાં સંવેદનો અને આંદોલનો આપણી સાથે જોડાઈ ગયાં છે. કોઈ જુદાઈ લાગતી નહોતી. મજા આવતી હતી. બાળકોને વઢિયાઓમાંથી લઈ આવતા, વઢિયા એટલે સાવ કાચું મકાન હોય, ઘાસ છાયેલું હોય, ભીંતડાં હોય તો એ પણ ઘાસનાં જ હોય. દરવાજામાં કંઈ ન હોય. એક પતરું આડું મૂકી દીધું હોય. ચોરાઈ જાય એવું કશું અંદર હોય જ નહીં એટલે એવી કોઈ ચિંતા ન હોય. અહીંયાં અમે દીકરીઓને લઈ આવતા અને શિક્ષણકાર્ય શરૂ કર્યું અને એ પછી વિકસતું ગયું, પાણીનાં અને સ્વાવલંબનનાં કામો કર્યાં. ખાસ કરીને બહેનોને સ્વરોજગારી મળે તે માટે સિલાઈ મશીન શીખવવાના, એમ્બ્રૉઇડરી શીખવવાના - જેવાં બધાં કાર્યો કર્યાં, વ્યસનમુક્તિનાં થોડાં કાર્યો કર્યાં. એ પ્રકારે આ આખા વિસ્તારમાં પ્રવૃત્ત રહ્યા. જે કર્યું તેના કેન્દ્રમાં પ્રવૃત્તિ જ રહી. પ્રવૃત્તિ દ્વારા જ શીખવાનું. એવું જ કર્યું કે બાળકો થોડું બગીચાનું કામ કરે, સફાઈનું કામ કરે, પ્રવાસે લઈ જઈએ, જાતે રસોઈ બનાવે, એ બધી પ્રવૃત્તિ જ કરે. એમાંથી જ શીખવાનું થાય.

૧૯૬૭માં ગ્રૅજ્યુએટ થયો પછી કામ કર્યું. કચ્છનો લખપત તાલુકો એ બહુ જ છેવાડાનો અને પછાત તાલુકો ગણાય. એમાં એક દયાપર ગામ. એ દયાપર ગામમાં હું ગયો તો, મગનભાઈ સોનીએ મને કહ્યું કે તું ત્યાં બેસ અને ગમે તે કામ શરૂ કર. એટલે ત્યાં થોડુંક સફાઈનું એવું તેવું કામ શરૂ કર્યું. સાત ધોરણ સુધીની શાળા ગામમાં હતી, આઠમું ધોરણ શરૂ કર્યું. એ પછી મેં B.Ed. કર્યું, તે પછી ત્યાં પાછા જવાયું નથી. B.Ed. કર્યા પછી સિદ્ધપુરની બાજુમાં ૧૯૬૮માં શરૂ થયેલી સરસ્વતી ગ્રામવિદ્યાપીઠનું મકાન નહોતું પણ જમીન ઘણી હતી. સરકારે એ વખતે ૪૦૦ એકર જમીન આપેલી અને ૩૦૦ એકર રિઝર્વ રાખેલી. એ સમયે શ્રીમન્ નારાયણ ગવર્નર હતા. ગવર્નરનું રાજ્ય હતું એટલે ૪૦૦ એકર જમીન તો ખાતે જ ચડાવી દીધી. બહુ વિશાળ જમીન. કેટલીય જમીન તો સરસ્વતી નદીને કાંઠે આવેલી અને એ વિદ્યાપીઠની શરૂઆતથી ૧૯૭૦થી ૧૯૭૪ સુધી ચાર વર્ષ હું ત્યાં રહ્યો. ૧૯૭૪માં ટ્રસ્ટીઓ સાથે થોડા મતભેદોને કારણે આ કામ છોડીને લોકભારતી ગયો. કારણ કે અમે બધા લોકભારતીમાં ભણ્યા હતા. અમારા પ્રિન્સિપાલ જયંતભાઈ શાહ હતા એ પણ લોકભારતીમાં અધ્યાપક તરીકે રહ્યા હતા. પરિણામે એક વાતાવરણ ઊભું થયું અને એમાં અમારું ઘડતર પણ થયું. સંસ્થાનું તો નિર્માણ થતું ગયું, પણ અમારું પણ નિર્માણ થતું ગયું.

(અનુસંધાન ૩૨મા પાને)

# માધુર્યની મહામૂલી મૂડી

*(ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ હાસ્યલેખક, કટારલેખક, 'કુમાર' દ્વારા અંગ્રેજી સાહિત્યનું આચમન કરાવનારા વિદ્વાન અભ્યાસી, ગુજરાત વિદ્યાસભા સંસ્થામાં મૂલ્યવાન યોગદાન આપનાર અને 'બુદ્ધિપ્રકાશ'ના પૂર્વતંત્રી એવા પ્રા. મધુસૂદન પારેખે આપણી વચ્ચેથી વિદાય લીધી. એમના વિદ્યાર્થી તરીકેનું સ્મરણ અહીં આલેખ્યું છે.)*

મારા આદરણીય અધ્યાપકશ્રી મધુસૂદન પારેખના નશ્વર દેહને સપ્તર્ષિના ઘાટ પર વિદાય આપતાં મનમાં એક સવાલ જાગ્યો કે જો ઈશ્વર એમને સવાલ કરે કે, 'કહો, તમારી પાસે કઈ મૂડી છે ?'

તો મધુભાઈ (પ્રો. મધુસૂદન પારેખસાહેબ કહેવું ફાવે નહીં.) ઉત્તર આપશે, 'પદ, પૈસા અને પ્રતિષ્ઠાની મૂડી તો વ્યક્તિ વિદાય પામે એ સાથે વિસ્મૃત થઈ જાય છે, પણ મારી પાસે તો પ્રેમની મૂડી છે. અનેક હૃદયને સદાય લીલાછમ રાખનારી પ્રેમની મૂડી.'

મધુભાઈના પ્રેમ, પ્રસન્નતા અને પોતીકાપણાનો જેમને સ્પર્શ થયો હોય એમના હૃદયમાં સદૈવ મધુભાઈનું માધુર્ય રેલાતું રહેશે અને એમનો સ્નેહ તો કેવો અપાર ! શતાયુ મધુભાઈએ એક દિવસ કહ્યું, 'મારે તારે વિશે લખવું છે.'

મેં કહ્યું, 'ગુરુ વિશે શિષ્યને લખવાનું હોય. શિષ્ય વિશે ગુરુ ન લખે.'

તેમ છતાં મારી વાત મધુભાઈએ માન્ય રાખી નહીં અને મારે વિશે લખવાનું શરૂ કર્યું. એનું શીર્ષક હતું 'કુલીન પિતાના કાબેલ પુત્ર કુમારપાળ દેસાઈ'. અને પછી એ લખાણના એક પછી એક ખંડ મને મોકલતા રહ્યા અને અત્યાર સુધીમાં કુલ પાંચ ખંડ મળ્યા. જાતે લખેલા લખાણનાં ૫૧ પૃષ્ઠમાં ગુરુએ એમના આ શિષ્યની વાત કરી છે. ક્યાંક અક્ષર તરડાઈ જાય, ક્યાંક માત્ર નામોલ્લેખ જ હોય. આખું નામ મારે લખવું એમ એ કહેતા. આવો અવર્ણનીય પ્રેમભાવ !

ચાર દાયકાથી પણ વધુ સમયના ડૉ. મધુસૂદન પારેખના પરિચયમાં મને સદૈવ પ્રસન્નતાથી છલકાતી અંતર્મુખતાનો અનુભવ થતો રહ્યો. પ્રસન્નતા એમના સ્વભાવમાં અને અંતર્મુખતા એમના વ્યવહારમાં જોવા મળે અથવા તો એમ કહી શકાય કે પોતાના જીવનની અંતર્મુખતા જાળવીને કઈ રીતે પ્રસન્નતાથી જીવવું એનો કીમિયો આપણને મધુભાઈએ એમના દીર્ઘ જીવનમાંથી પ્રગટ કરી દીધો.

૧૯૬૫ના જૂન મહિનામાં હું શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજના જુનિયર બી. એ.ના વર્ગમાં દાખલ થયો. એ સમયે એચ. કે. આર્ટ્સ કૉલેજમાં શ્રી યશવંત શુક્લ, નગીનદાસ પારેખ અને મધુસૂદન પારેખ ગુજરાતી વિષયના અધ્યાપક. યશવંતભાઈ શુક્લ કે અનંતરાય રાવળને 'સાહેબ' કહીએ તે બરાબર લાગે, પણ મધુભાઈને પારેખસાહેબ કહેવું મને સહેજે ફાવતું નહીં. મધુભાઈ વર્ગમાં ભાગ્યે જ વિષયાંતર કરે. પશ્ચિમના સાહિત્યિક સિદ્ધાંતો ભણાવે, ત્યારે એ સિદ્ધાંતો યોગ્ય રીતે સમજી શકાય તે માટે નાની

નોંધ આપે, પણ સૌથી વધુ તો સદાય એમનો સ્નેહ અને સ્વભાવનું માધુર્ય સ્પર્શતું રહ્યું.

એ સમયે એક વખત મને સતત ચાર વખત ટાઈફૉઈડ થયો અને તેને પરિણામે લાંબા સમય સુધી કૉલેજમાં હાજર રહી શક્યો નહીં. સૌરાષ્ટ્રમાં આવેલા બોટાદમાં મારા સ્વજનોને ત્યાં હવાફેર માટે ગયો. આ સમય દરમિયાન મધુભાઈના પત્રો આવે, ખબર પૂછે, ચિંતા કરે અને કહે કે જલદી સાજા થઈને આવો, અભ્યાસમાં વાંધો નહીં આવે. આવો પ્રેમ ક્યાં મળે ? હજી આજે પણ એ પત્રો મારી મહામૂલી મૂડી તરીકે જાળવી રાખું છું.



**શતાયુ મધુભાઈ સાથે : ૨૪ ડિસેમ્બર, ૨૦૨૨**

મધુભાઈ ગુજરાતી સાહિત્યસભાની કામગીરીથી થોડા નારાજ થયેલા અને થાકી ગયેલા પણ ખરા એટલે એમણે મને એ કામ સંભાળવાનું કહ્યું. મારે માટે એમની આજ્ઞા શિરોધાર્ય હતી. એ પછી જ્યારે મને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો, ત્યારે મધુભાઈની તબિયત ઘણી અસ્વસ્થ હતી તેમ છતાં આવ્યા અને કાર્યક્રમમાં છેક સુધી હાજર રહ્યા. એથીય વધુ એમની આંખમાંથી વરસતું વાત્સલ્યનું અમી પામતો રહ્યો. મધુભાઈએ સ્વાસ્થ્યને કારણે 'બુદ્ધિપ્રકાશ' તંત્રીપદેથી રાજીનામું લખીને મોકલ્યું. નાછૂટકે એનો સ્વીકાર કર્યો, પણ સાથે મેં આગ્રહ રાખ્યો કે તેઓ 'બુદ્ધિપ્રકાશ'ના પ્રત્યેક અંકમાં 'બુદ્ધિપ્રકાશના સંપાદનના અનુભવો' એ વિશે લેખ લખે અને એમણે એ વાત સ્વીકારી. છેલ્લે સુધી દર મહિને એમનો લેખ પ્રગટ થતો રહ્યો. એમના અવસાન પછી એમણે 'બુદ્ધિપ્રકાશ' માટે લખેલો લેખ મળ્યો. આ એમનો છેલ્લો લેખ.

સાહેબનો સ્વભાવ સીધી લીટીએ ચાલવાનો. ગોટા અને ભજિયાંનો શોખ ભારે. ક્યારેક શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજની ટ્રસ્ટઑફિસમાં મને પણ એનો લાભ પ્રાપ્ત થયેલો. મધુભાઈના હૃદયમાં પ્રેમનો ઝરો એવી રીતે વહે કે જે કોઈ એમની નજીક આવે, તે સહુ કોઈ એ પ્રેમને વશ થઈ જાય. આ પ્રેમ, પ્રસન્નતા અને પરમાર્થે જ એમને નીરોગી રાખ્યા હતા. એ સહુને પ્રેમ આપે. કોઈનો તિરસ્કાર કરે નહીં. અમદાવાદના કોમી દાવાનળ સમયે એમના ભાઈનું એક મુસલમાને ખૂન કર્યું હતું, છતાં એ કોમ તરફ પણ સહેજે દ્વેષ નહીં. આ રીતે રાગદ્વેષથી એ સદાય પર રહ્યા અને આથી જ એ અમુક સાહિત્યિક સંસ્થાઓથી દૂર રહ્યા.

૬૫ વર્ષના એમના દાંપત્યજીવન બાદ એમનાં પત્ની કુસુમબહેને વિદાય લીધી. લગ્ન પછી કૉલેજમાં વધુ અભ્યાસ કરીને છેક એમ.એ. સેકન્ડ સુધી પહોંચનાર કુસુમબહેનને ભાષાસાહિત્યભવનના મુલાકાતી અધ્યાપક શ્રી મધુસૂદન પારેખ પાસે ભણવાનો લાભ મળ્યો હતો. કુસુમબહેન 'બુદ્ધિપ્રકાશ'નાં પ્રૂફો જુએ, જોડણી સુધારે, મધુભાઈએ

અસ્તવ્યસ્ત મૂકેલાં એમનાં કૉલમનાં કટિંગ્સ જાળવે. કુસુમબહેનને ઘરમાં 'કુબા' કહેતા. એમણે મધુભાઈની એકેએક બાબતનું ખૂબ ધ્યાન રાખ્યું. મધુભાઈમાં સ્ત્રી-સન્માનની ભાવના વિશેષ જોવા મળે છે એના મૂળમાં કુસુમબહેનનું પ્રેમાળ અને પરગજુ વ્યક્તિત્વ રહેલું છે. છોકરીઓ માટે મધુભાઈને ઘણો પક્ષપાત. એમની પુત્રીનું નામ તો પ્રીતિ માર્કંડ પંડિત છે, પણ મધુભાઈની દીકરીઓ ગણવા જાવ તો ગણી ગણાય નહીં. પછી એ દક્ષાબહેન પટેલ હોય કે તોરલ પટેલ હોય. ભૂમિકા ચોકસી હોય કે શારદા વટાદરા. મધુભાઈના પ્રેમે એમને ઘણી પ્રેમાળ પુત્રીઓ આપી છે ! એમના જીવનમાં કુસુમબહેન એવાં કેન્દ્રરૂપ હતાં કે એમની વિદાય મધુભાઈને ખૂબ વસમી લાગી હતી. જેમ મહિપતરામ રૂપરામે પોતાની પત્નીને ઉદ્દેશીને 'પાર્વતીકુંવર' લખ્યું, એ જ રીતે મધુભાઈએ 'કુસુમાખ્યાન' લખ્યું.

મધુભાઈને બહાર પ્રવાસે જવાનો કોઈ શોખ નહીં, માત્ર કલાકોના કલાકો સુધી ગૅલરીમાં વિતાવે. જીવન પ્રત્યેની રચનાત્મક દૃષ્ટિ હોવાથી જીવનમાં કદી કોઈની ઈર્ષા નહીં, પણ માત્ર બીજાની ચિંતા. એ મીઠી ચિંતા હવે કોણ કરશે ?

**– ડૉ. કુમારપાળ દેસાઈ**

---

**(૨૯મા પાનાનું ચાલુ)**

આંતરચેતના પણ એક પ્રકારનો ખુલ્લો ઉજાસ કે ખુલ્લાપણું અનુભવતી ગઈ. એ સઘળું ઉપયોગી બનતું ગયું. પછીનાં વર્ષોનાં કામોમાં એ અનુભવો ઘણા કામમાં આવ્યા. કોઈ વસ્તુ છોડી ન શકાય એવું નથી. કેમ ન છોડી શકાય ? તો કે પછી આજીવિકાનું શું થાય ? એનાથી અમે જુદા પડ્યા. અંદરનો એક પ્રવાહ સતત રહ્યો. અફસોસ ક્યાંય ન થયો. ઘણું શરૂ કર્યું. લોકો એમ પણ કહે કે, આટલું બધું ઊભું કર્યા પછી તમે મુક્ત થઈ જાઓ છો, તે પછી અન્ય કશી આસક્તિ નથી રહેતી ? એટલે આસક્તિ કે ચીટકાવ કે એટેચમેન્ટનો ભાવ સતત કે આ મારું છે એવું ક્યાંય રહ્યું નથી. એ વળગાડ નથી રહ્યો. બસ, એક સાધના રહી કે આસક્તિથી કેમ મુક્ત થવું અને અહંકારથી કેમ મુક્ત થવું. આ બે વસ્તુ છે એ સાધનામાં અવરોધ બને છે.

હું જ્યારે અહંકારમાં પડું, આસક્તિમાં પડું તો મન જ દુઃખ ઊભું કરે છે ને, કારણ કે હું છોડી નથી શકતો, તો છોડી નથી શકવાનો જે ભાર છે એ મને દુઃખ આપ્યા કરે છે. હું છોડી દઉં છું પછી મને દુઃખ રહેતું નથી. ગમે તે વસ્તુ હોય. આમ જોવા જઈએ તો છોડવામાં કંઈ જતું નથી. આમ તો ઘણું મેળવો છો બીજી રીતે જોઈએ તો. અધ્યાત્મની યાત્રા એ ખુલ્લા થવાની યાત્રા છે. અંદરનું બધું બહાર કાઢીને શૂન્યને જીવવાની વાત છે. એ અધ્યાત્મની યાત્રા એ જ જીવનની યાત્રા છે અને એ થાય ને તો વ્યક્તિ પોતે ઘણો સ્વસ્થ રહી શકે છે. માનસિક રીતે, શારીરિક રીતે, પારિવારિક રીતે થોડો સ્વસ્થ રહી શકે અને આસપાસમાં થોડું યોગદાન આપી શકે. એટલે મને પહેલેથી એ માર્ગ પ્રકૃતિ દ્વારા, નિયતિ દ્વારા મળેલો કે જેમાં કરવાનું, ઘણું કરવાનું, પણ પછી મુક્ત થતા જવાનું. ભૂલી જવાનું. આપણે કહીએ ને નેકી કર, કુવે મેં ડાલ.

**– સંકલન ભદ્રાયુ વછરાજાની**

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૮ ફેબ્રુઆરી, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી પ્રદીપ ખાંડવાળા (સમયમર્યાદા : ૧ કલાક, ૪૫ મિનિટ)

◈ **૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી રમેશ સંઘવી (સમયમર્યાદા : ૧ કલાક, ૩૪ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### 'આવો આવો...' પુસ્તકનું લોકાર્પણ

◈ **૫ ફેબ્રુઆરી ૨૦૨૩, રવિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુર્જરી પ્રકાશન, અમેરિકાના સંયુક્ત ઉપક્રમે સુચિ વ્યાસલિખિત 'આવો આવો...' ગ્રંથનું લોકાર્પણ બળવંત જાનીના હસ્તે. વક્તવ્ય : કુમારપાળ દેસાઈ, મધુ રાય, રાહુલ શુક્લ અને ઉષા ઉપાધ્યાય. વાચિકમ્ : મીનળ પટેલ અને ઉત્કર્ષ મજમુદાર.

### અંજલિ ખાંડવાળા એવોર્ડ અર્પણવિધિ

◈ **૭ ફેબ્રુઆરી ૨૦૨૩, મંગળવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ખાંડવાળા ક્રિએટિવિટિ ફાઉન્ડેશનના ઉપક્રમે વાર્તાકાર શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી(૨૦૨૧-૨૨)ને તથા સંગીતકાર શ્રી દીપક શાહ (૨૦૨૦-૨૧) અને શ્રી પીયૂષ દવે(૨૦૨૧-૨૨)ને અંજલિ ખાંડવાળા ઍવૉર્ડ અર્પણવિધિ.

જેમાં અંજલિ ખાંડવાળા વિશે વક્તવ્ય તથા નિર્ણાયક બિપિન પટેલ અને ધૈવત શુક્લના વક્તવ્યો તેમજ પારિતોષિક વિજેતાઓ દ્વારા પ્રતિભાવ.

### વિદુષી શ્રી દક્ષાબહેન પટ્ટણી ગાંધી ગીતસ્પર્ધા

◈ **૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવાર : સવારે ૧૧-૦૦**

શ્રી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં યોજાયેલ ગાંધી ગીતસ્પર્ધામાં અમદાવાદ શહેરની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની ૨૦થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## જીવન–ઉત્કર્ષ શ્રેણી

**◈ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

'નરસિંહ સે ગાંધી તક' : નરસિંહ અને ગાંધીજીનાં ભજન તથા 'વૈષ્ણવજન'ની પહેલી વાર કાશ્મીરી ભાષામાં પ્રસ્તુતિ. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કાશ્મીરી સૂફી લોકગાયક ગુલઝાર અહમદ ગનાઈ દ્વારા.

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર
## પરિસંવાદ

**◈ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩, મંગળવાર : સવારે ૧૦-૩૦ થી ૪-૩૦**

માતૃભાષાદિન નિમિત્તે 'આવતીકાલનાં બાળકો માટે બાળવાર્તાસર્જન' વિશે પરિસંવાદ. ઉદ્ઘાટન બેઠકમાં શ્રી ધીરુબહેન પટેલ, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી યશવંત મહેતા વક્તવ્ય આપશે. 'આવતીકાલની વિજ્ઞાનકથા તેમજ બાળવાર્તા અને સોશ્યલમિડિયા' વિષયની દ્વિતીય બેઠકના અધ્યક્ષસ્થાને ડૉ. સુશ્રુત પટેલ તથા 'આવતીકાલની બાળવાર્તા : કથાવસ્તુ અને લેખનપ્રક્રિયા' વિષયની તૃતીય બેઠકના અધ્યક્ષસ્થાને શ્રી રતિલાલ બોરીસાગર રહેશે. સમાપન શ્રી જયેન્દ્રસિંહ જાદવ કરશે. સમગ્ર પરિસંવાદનું સંયોજન શ્રી અનિલભાઈ રાવલ કર્યું છે.

## શ્રી રસિકલાલ છો. પરીખ વિદ્યાકેન્દ્ર

**◈ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી સતીશ વ્યાસલિખિત અને શ્રી ચિમનભાઈ પટેલ સંપાદિત 'સમગ્ર એકાંકી'નું ગ્રંથાર્પણ.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે. જેનાથી બાળકોને ગુજરાતી ભાષામાં રસ પડે અને વર્તમાન સમયને અનુલક્ષીને રચાયેલી વાર્તાઓનો આનંદ પ્રાપ્ત થાય.

ફેબ્રુઆરી મહિનામાં ૫ ફેબ્રુઆરીએ 'કૂતરાની પૂંછડી', ૧૨ ફેબ્રુઆરીએ 'લડવામાં કોઈ નથી ભલાઈ', ૧૯ ફેબ્રુઆરીએ 'તરસી કીડી' અને ૨૬ ફેબ્રુઆરીએ 'દલા તરવાડી' એ વાર્તા રજૂ થશે.

૫ અને ૧૯ ફેબ્રુઆરીએ પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી અને ૧૨ અને ૨૬ ફેબ્રુઆરીએ પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં મૂલ્યવાન પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત રૂ. |
|---|---|---|---|
| ૨૯. | વનપરીની મિજબાની અને બીજી વાતો | અંજના ભગવતી | ૧૮૦ |
| ૩૦. | ચીકુ | સોનલ પરીખ | ૫૦ |
| ૩૧. | જીવનશિક્ષણ | જસુભાઈ કવિ | ૧૨૦ |
| ૩૨. | એક નવું આકાશ | સોનલ પરીખ | ૯૦ |
| ૩૩. | સ્વપ્નગ્રહની સફરે | યોસેફ મેકવાન | ૧૪૦ |
| ૩૪. | રાજુનો તરખાટ | નટવર હેડાઉ | ૧૧૦ |
| ૩૫. | શિક્ષણવિદ ધીરુભાઈ ઠાકર | પ્રવીણ દરજી | ૮૦ |
| ૩૬. | હું ને કથા | લતા હિરાણી | ૧૨૦ |
| ૩૭. | સત્યેન્દ્રનાથ બોઝ | પ્રહ્લાદ પટેલ | ૯૦ |
| ૩૮. | હોમી જહાંગીરભાભા | પ્રહ્લાદ પટેલ | ૯૦ |
| ૩૯. | સ્વાધ્યાય-વિશેષ | સં. પ્રફુલ્લ રાવલ | ૨૮૦ |
| ૪૦. | પૃથ્વીનો ભૂસ્તરીય ઇતિહાસ | ગિરીશભાઈ પંડ્યા | ૧૬૦ |
| ૪૧. | કવિતા અને દર્શન | રાજેન્દ્ર પટેલ | ૨૦૦ |
| ૪૨. | જ્ઞાનયજ્ઞના આચાર્ય (શ્રી ધીરુભાઈ ઠાકરનું જીવનચરિત્ર) | મણિલાલ હ. પટેલ | ૧૨૦ |
| ૪૩. | અર્થવાસ્તવ | રમેશ બી. શાહ | ૧૭૦ |
| ૪૪. | દેડકાનું ડ્રાંઉં ડ્રાંઉં | અંજના ભગવતી | ૨૨૦ |
| ૪૫. | રણ જણજણનું | ધીરેન્દ્ર મહેતા | ૧૫૦ |
| ૪૬. | મનીષાનું મંગળમિશન | શુભ્રા દેસાઈ | ૧૦૦ |
| ૪૭. | સૌહાર્દશીલ સારસ્વત | દર્શના ધોળકિયા | ૮૦ |
| ૪૮. | આત્મબળને અજવાળે | પ્રીતિ શાહ | ૧૫૦ |
| ૪૯. | આચાર્ય જગદીશચંદ્ર બોઝ | કિશોર પંડ્યા | ૨૦૦ |
| ૫૦. | આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ | ચિંતન ભટ્ટ | ૧૦૦ |
| ૫૧. | કેન્સર (પાં.આ.) | ડૉ. શિલીન શુક્લ | ૧૫૦ |
| ૫૨. | જતીન્દ્ર-વિશેષ | ધીરુભાઈ ઠાકર | ૨૦૦ |
| ૫૩. | પાણી : પ્રકૃતિનો પ્રાણ | અંજના ભગવતી | ૨૦૦ |
| ૫૪. | ગુજરાત (પા.આ.) | — | ૭૦૦ |
| ૫૫. | સ્વસ્થ જીવનશૈલીનો આધાર : શાકાહાર | રાજશ્રી મહાદેવિયા | ૮૦ |

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.


## વિશ્વકોશ ટ્રસ્ટના આત્મીય સ્વજન શ્રી બાલકૃષ્ણ દોશીને સ્મરણાંજલિ



રાષ્ટ્રીય એકતા કેન્દ્ર, ધર્મ જાગૃતિ કેન્દ્ર, ગુજરાત વિધાસભા અને અન્ય સહયોગી સંસ્થાઓએ વિશ્વકોશભવનથી યોજેલી ‘વિશ્વકોશ ગ્રંથગૌરવયાત્રા’ના સમાપન પ્રસંગે ગાંધી આશ્રમમાં વક્તવ્ય આપતા શ્રી બાલકૃષ્ણ દોશી




શ્રી બાલકૃષ્ણ દોશીને ‘પદ્મભૂષણ ડો. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ’ અર્પણ કરતા કવિ શ્રી નિરંજન ભગત



વિશ્વકોશમાં વક્તવ્ય આપતા શ્રી બાલકૃષ્ણ દોશી

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.